Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૫૦ • તા. ૧૨ ડિસેમ્બર ૨૦૧૬ થી ૧૮ ડિસેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



આખુંય જગ આપણું થાય એવી મૈત્રી કરો,
માનવતા પણ નમન કરે એવા માણસ બનો...
આખુંય જગ પ્રેમાળ થાય એવો પ્રેમ કરો,
કેમ કે આપણને દુર્લભ મનુષ્ય જન્મ મળેલ છે !




સૌને શુભકામના આપીએ કે
કાલનો દિવસ ભલે ગમે તેવો ગયો હોય પણ
આજનો દિવસ ગમે તેવો જાય

## અરિહંત બેંકની ડોંબીવલી શાખાને ડોંબીવલીના પ્રિન્ટરોના સંગઠન તરફથી ઉત્કૃષ્ટ સેવા પ્રમાણપત્ર






ડોંબીવલી શહર મુદ્રક સંઘ તરફથી અરિહંત બેંકની ડોંબીવલી શાખાને સારી સેવા માટેનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. અરિહંત બેંક ડોંબીવલી શાખા વતી આ પ્રમાણપત્ર શાખાના મેનેજર શ્રીમતી કલ્પનાબેન મોતાએ સ્વીકાર્યું હતું. પ્રમાણપત્ર આપનાર સંગઠન ડોંબીવલી અને ઠાકુરલીના પ્રિન્ટરો તથા કેન્વાસરોનું પ્રતિનિધિત્વ કરે છે.

# આદરાંજલિ

જન્મ :
તા. ૨૬/૦૧/૧૯૩૬



અરિહંત શરણ :
તા. ૨૭/૧૧/૨૦૧૬

## સ્વ. રતનબેન કાંતિલાલ મોતા

હો પ્રત્યક્ષ સાથે કે યાદોના પરદે...
અમને તમે જે આપી એ ક્ષણેક્ષણ ગમે છે !

વર્ષા અને રાજેશ
પારૂલ અને રાજેન્દ્ર
મનિષા અને હિરેન્દ્ર
રેખા ઉત્તમભાઈ મોમાયા
આશિષ, હાર્દિક-સ્નેહ, પ્રતિક-જિનલ, તૃપ્તિ-સમર્થ, શ્રૃતિ, નિરવ
અનાયરા

TIKIDAN waterproofing solutions

TIKI TAR INDUSTRIES

ટીકીટાર પરિવાર

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 50/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કે.ડી.ઓ. હોપ - ૧૦૦૦ની પ્રગતિ અંગે આશાનો સંચાર

કે.ડી.ઓ. હોપ - ૧૦૦૦ની સંચાલન સમિતિ તથા પ્રોજેક્ટના પ્લોટ ધારકોની એક સભા શ્રી કુલીનભાઈ પીરની અધ્યક્ષતામાં તા. ૨૭-૧૧-૨૦૧૬ના માટુંગાની ગુજરાતી ક્લબમાં યોજાઈ હતી. જેમાં ૪૬ પ્લોટ ધારકો ઉપસ્થિત હતા.

સર્વશ્રી કુલીનભાઈ પીર, તરૂણભાઈ ધરમશી, રોજેશ શાહ, મુકેશ મૈશેરી, હેમાંગ ધરમશી, હિમાંશુ નાગડા, જયરાજ કારાણી, ઉત્તમભાઈ ખોના, નિતીન સાયલા, રાયચંદ જીવાણી, પ્રતાપ પીર, રમેશ લોડાયા, નરેન્દ્ર શિયાડ, ડૉ. જયંતી લાલકા, જયંત સોની અને તિલકભાઈ લોડાયાએ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ તથા ભાવિ સંભાવનાઓ અંગે પોતા પોતાના વિચારો સંવાદિતાભર્યા વાતાવરણમાં રજૂ કર્યા જેની ફલશ્રુતિ રૂપે બે ઠરાવો સર્વ સંમતિથી પસાર થયા.

પ્રથમ ઠરાવમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે ''કે.ડી.ઓ. હોપ - ૧૦૦૦ના સંચાલકો અને પ્લોટ ધારકો બંન્ને બધા પ્લોટ ધારકો અને સમગ્ર ક.દ.ઓ. સમુદાયના કલ્યાણના હેતુ માટે કામ કરી રહ્યા હોવાથી તેમણે ભૂતકાળને ભૂલીને ઐક્યથી કામ કામ કરવું.''

હોપ - ૧૦૦૦ના પ્રોજેક્ટની ડોંબીવલી ખાતેની જમીનનું હવે શું કરવું તે વિશેની માર્ગદર્શિકા સમાન બીજા ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે ''ડોંબીવલીની જમીન માટે તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં ૧) જમીનના ડેવલપમેન્ટ રાઈટસ (વિકાસ કરવાના અધિકારો)ના પૂરેપૂરા વેચાણ અને ૨) જમીનના વિકાસના સંયુક્ત સાહસ અને હક્કો સંબંધે જાહેર ટેંડર મંગાવવા.

સભામાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત બંન્ને પ્રકારની સારી ઓફરો મેળવવા ટેંડર પ્રક્રિયામાં વધુમાં વધુ બીલ્ડરો અને ડેવલ્પરો સહભાગી થાય તે માટે બધા સંબંધિતો એટલે કે સંચાલકો અને પ્લોટ ધારકોએ યથાશક્ય સઘળા પ્રયત્નો કરવા.

આવી ઓફરો આવ્યા પછી સંચાલકો અને પ્લોટ ધારકોના સંગઠનના ૧૦ પ્રતિનિધિઓ સાથે સલાહ-મસલત કરી વધુ સારી ઓફર આપનારા બીલ્ડરો અને ડેવલ્પરોની ટૂંકી યાદી તૈયાર કરવી.

આ યાદીમાંના બીલ્ડરો અને ડેવલ્પરો સાથે વાટાઘાટો ચલાવી તથા સારામાં સારી ફાઈનલ ઓફરો મેળવી અંતિમ શરતો અને પધ્ધતિઓ નક્કી કરવા સંચાલકો અને પ્લોટ ધારકોના સંગઠનના કારોબારી સભ્યો સમક્ષ મૂકવી. આ આખી પ્રક્રિયા તા. ૩૦મી જૂન ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવી.

સંચાલકોએ દરેક ૪૫ થી ૬૦ દિવસના સમયગાળામાં નિયમિતપણે પ્રગતિ અને નવાજૂનીનો અહેવાલ પ્લોટ ધારકોને આપવો જેથી તેઓ તે અંગે માહિતગાર હોય.

બધાએ સ્વીકાર્યું કે સંચાલકો અને પ્લોટ ધારકોની મંઝિલ એકસરખી હોવાથી તેમણે તા. ૩૦મી જૂન ૨૦૧૭ની નિશ્ચિત સમય મર્યાદામાં વિકાસના પૂર્ણ અધિકારો આપવા કે વિકાસ અંગે સંયુક્ત સાહસના કરારોને અંતિમ સ્વરૂપ આપવા સહિયારા પ્રયાસો કરવા જોઇએ.

સહિયારી રીતે વિકાસના પૂરેપૂરા અધિકારો આપવા કે વિકાસ માટે સંયુક્ત સાહસ કરવું જે વિકલ્પ શ્રેષ્ઠ હોય તેની રોકડ ઉપજ કે લાભો પ્લોટ ધારકોને ૭૦% તથા ધર્માદાય સામુદાયિક રહેઠાણ યોજના માટે સંચાલકોને ૩૦% મળે તે રીતે વહેંચી લેવી. પ્લોટ ધારકોને આ લાભો તેમણે કરેલા પૂર્ણ કે અંશત રોકણના પ્રમાણ મળશે.

જો સંયુક્ત સાહસ હાથ ધરવામાં આવશે તો સંચાલકો સમુદાય માટેની રહેઠાણ યોજના ઘડતી વખતે પ્લોટ ધારકોના સંગઠનની સમિતિની સલાહ લેશે. પ્લોટ ધારકોને સંયુક્ત સાહસ હાથ ધરનારા સાથે વાટાઘાટો કરી પોતાનો ભાગ લઈ લેવાની કે પોતાની મરજી પ્રમાણે તેમાં ચાલુ રહેવાની રીત પસંદ કરવાનો અધિકાર રહેશે.

સંચાલકો અને પ્લોટ ધારકો વચ્ચેની બેઠક એખલાસભર્યા વાતાવરણમાં યોજાઈ હોવાથી

સંચાલક મંડળમાંથી રાજીનામા આપનારાને રાજીનામા આપવાની જરૂર નથી અને જૂનું સંચાલક મંડળ જ સંચાલન કરશે.

પ્લોટ ધારકોના હિતોનું રક્ષણ કરવા માટે તેમણે પસંદ કરેલી ૧૦ જણની સમિતિ સંચાલકો દ્વારા લેવામાં આવતા નિર્ણયો અને કાર્યવાહી પર ધ્યાન રાખશે.

આ રીતે નિર્ણય લેવાનું કામ ઝડપી અને સરળ બનાવવામાં આવશે.

આ આખી બેઠકની કાર્યવાહી અને તેમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણયો પરથી જ્ઞાતિજનો જરૂરથી એવું તારણ કાઢી શકશે કે સંચાલકો અને પ્લોટ ધારકોએ પ્લોટ ધારકો અને સમુદાયના હિત માટે એખલાસભર્યા વાતાવરણમાં યોગ્ય નિર્ણયો લઈ પ્રોજેક્ટ માટે નવેસરથી આશાવાદ જગાવ્યો છે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## આપણા જ્ઞાતિજનોની સરેરાશ ઉંમર ઘટતી કેમ રહી છે ?

છેલ્લા બે મહિનાની (પ્ર.સ.નો) મૃત્યુ નોંધનો અભ્યાસ કર્યા પછી હું એવા તારતમ્ય પર આવ્યો છું કે આપણા જ્ઞાતિજનોની સરેરાશ ઉંમર ૬૯ વર્ષ છે. આમાં સ્ત્રીઓની સરેરાશ ઉંમર કાઢીએ તો ૭૨ સુધી પહોંચે છે, જ્યારે પુરુષોની સરેરાશ ૬૬ વર્ષ સુધી પહોંચે છે. જો કે હજી બે મહિનાની નોંધ સાથે લીધી હોત તો કદાચ સરેરાશ ઉંમરમાં એક કે બે વર્ષનો વધારો કે ઘટાડો થયો હોત, પણ અંકો ઉપલબ્ધ ન હતા. સ્ત્રીઓમાં નેવું કે તેથી વધુ ઉંમરના બે કિસ્સા નોંધાયા છે. અગાઉ સપ્ટેમ્બરમાં સ્ત્રી-મરણનો એક કિસ્સો સો વર્ષનો નોંધાયો છે. જ્યારે પુરુષોમાં ૯૦ (નેવું) વરસનો એક જ કિસ્સો નોંધાયો છે પુરુષોમાં ૫૦ (પચાસ) કે તેથી નીચેના પાંચ કિસ્સા નોંધાયા છે, જ્યારે સ્ત્રીઓમાં પચાસથી નીચેનો એક પણ કિસ્સો નથી.

સ્ત્રી - મરણ કરતાં પુરુષ મરણની સંખ્યા પણ વધારે છે. સ્ત્રી-મરણની સંખ્યા ૧૪ છે, જ્યારે પુરુષ મરણની સંખ્યા ૨૧ (એકવીસ) છે. પુરુષ મરણનું પ્રમાણ (ટકાવારી) પચાસ ટકા વધુ છે. જો આ જ ટ્રેન્ડ ચાલુ રહે તો ૨૫-૩૦ વર્ષ પછી શી પરિસ્થિતિ ઉત્પન્ન થશે તેનો અત્યારથી જ આપણે વિચાર કરવો પડે. સ્ત્રી અને પુરુષની સંખ્યામાં જો બેલેન્સ (સમતુલા) ન જળવાય તો કેવી પરિસ્થિતિ આકાર લે એનો વિચાર જ્ઞાતિ આગેવાનોએ કરવો જ જોઈએ. સ્ત્રી-પુરુષની સંખ્યાની સમતુલા ખોરવાઈ જવાને કારણે આંતરજ્ઞાતીય લગ્નો વધી રહ્યાં છે ? આપણું ઉચ્ચ કેલિબરનું અને ટેલેન્ટેડ કન્યાધન અન્ય જ્ઞાતિઓમાં શા માટે ઢસડાઈ જાય છે એવો એક પેટાપ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.

વર્ષો પહેલાં (ગામમાં ખાસ) એંશી કે તેથી વધુ ઉંમરના સંખ્યાબંધ જ્ઞાતિજનોને મેં હરતા-ફરતા (અમુકને ભલે લાકડીના ટેકાથી). મુસ્કુરાતા અને આનંદથી જીવન જીવતા જોયા છે. જો કે, એ કબૂલ કરવું પડે કે ત્યારે પણ એમાં સ્ત્રીઓની સંખ્યા જ વધુ હતી. છેલ્લા ચાલીશ વરસમાં આપણી સરેરાશ ઉંમરના ઘટાડો નોંધાતો રહ્યો છે. આપણી ખાણી-પીણીની આદતો એ માટે જવાબદાર છે? આપણી દોડધામભરી જિંદગી એ માટે કારણભૂત છે કે પછી ટેન્શનથી ભરેલી જીવનશૈલી અપનાવવાને કારણે આપણા શરીર ઉપર એની વિપરીત અસર થઈ રહી છે ? આમ જિંદગીને જલ્દીથી સમાપ્ત કરનારી પ્રગતિ પણ શા કામની ?

હકીકતમાં સમસ્ત મહાજનના પદાધિકારીઓએ આ બાબતમાં ચર્ચા-વિચારણા કરીને એક ચર્ચા-સત્ર ગોઠવવું જોઇએ જેમાં જ્ઞાતિના લેખકો, ચિંતકો વગેરે પોતાના વિચારો વ્યક્ત કરે અને એના સારરૂપે એક પુસ્તિકા બહાર પાડે. જ્ઞાતિ સંમેલનમાં અથવા તો એ અગાઉ પણ એ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવે. હાલમાં જે સરેરાશ ઉંમર ૬૯ વર્ષ છે તેને વધુમાં વધુ ઊંચે લઈ જવા માટે કેવી ઉપાય-યોજના કરવી જોઇએ તેની વિસ્તૃત છણાવટ એ પુસ્તિકામાં હોવી જોઇએ.

**- શામજી પદમશી છેડા,** ગાંધીધામ

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીયે નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા
# શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ - નલીયા

આયોજીત

## શ્રી કચ્છી નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયે સહિરક શતાબ્દી વર્ષ તથા ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે પરમાત્મા ભક્તિ સ્વરૂપ

# પધારો પધારો પધારો

પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે **તા. ૨૫-૧૨-૨૦૧૬, રવિવાર માગસર વદ ૧૨ના સવારના શ્રી ચંદ્રપ્રભ સ્વામીના અધિષ્ઠાયિકા દેવી જવાલા દેવી પૂજન** તથા **બપોરના અઢાર અભિષેક** શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ દ્વારા આયોજિત કરવામાં આવેલ છે. વધુ ને વધુ ગામવાસીઓ, નિયાણી બહેનો તથા જ્ઞાતિજનો આ બન્ને કાર્યક્રમમાં લાભ લેશોજી.

**કેવલ સાવલા તથા એમની ટીમ દ્વારા સંગીતમય લય થી આ બન્ને કાર્યક્રમ કરાવવામાં આવશે.**

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા નું ગામ નલીયા તીર્થે એ શેઠે બંધાવેલું ચંદ્રપ્રભ જિનાલય (વીર વસઈ ટુંક) દેરાસરને ૧૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. **પંચાન્હિકા મહોત્સવ તા. ૨૬-૧૨-૨૦૧૬ થી તા. ૩૦-૧૨-૨૦૧૬**ના ભવ્યાતિ ભવ્ય ઉજવણીની તડામાર તૈયારી ચાલુ છે. પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે દેરાસર ને સુંદર કલર કામ અંદર બહાર ભવ્યાતિ ભવ્ય ડેકોરેશન સુંદર સજાવટ નરશી નાથા ટ્રસ્ટ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

**તા. ૨૫-૧૨-૨૦૧૬**ના નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ બોર્ડ દ્વારા સવારના **જવાલા દેવીનું પૂજન** તથા **બપોરના અઢાર અભિષેક** રાખવામાં આવેલ છે. **તા. ૨૬-૧૨-૨૦૧૬ થી તા. ૩૦-૧૨-૨૦૧૬** પંચાન્હિકા મહોત્સવ ભવ્યાતિ ભવ્ય આયોજન કચ્છી દશા ઓસવાલ મહાજન નલીયા તથા શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ બોર્ડ નલીયા દ્વારા થઈ રહ્યું છે. હાલના સર્વ ટ્રસ્ટીઓના અથાગ મહેનત તથા છેલ્લા ત્રણ મહિનાથી પંચાન્હિકા મહોત્સવની તૈયારી માટે યુવા ટ્રસ્ટી સ્થાનિક તૈયારીમાં સમીર નાગડા તથા વિરેન્દ્ર લોડાયા દેરાસરને ભવ્યાતિ ભવ્ય સજાવટ કરવામાં અથાગ મહેનત કરી છે.

નલીયાના સ્થાનિક જ્ઞાતિજનો સોમચંદભાઈ, નિલેશ મોતા, કિરણભાઈ, નરેન્દ્રભાઈ તથા દેરાસરના મહેતાજી, તેમજ જીતેન્દ્ર સાંયા તથા સર્વ ગામ વાસીઓનું સંપૂર્ણ સહકાર દ્વારા સુંદર કાર્ય પૂર્ણ થવા મહોત્સવની તૈયારીમાં લાગી ગયા છે.

લી. **શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ - નલીયા**

**મોતીચંદ ખોના** **કલ્યાણજી છેડા** **નરેશ મોમાયા** **પ્રતાપ લાલકા**
**વિજય ખોના** **સમીર નાગડા** **વિરેન્દ્ર લોડાયા**

## સોચ કો બદલ ડાલો : સમૂહ રીંગ સેરેમની ?

હાલમાં બહારગામ એક રીંગ સેરેમનીમાં જવાનું થયું. મુંબઈમાં હવે લગ્ન પ્રસંગે પણ ભાગ્યે જ દાંડિયા રાસ રાખવામાં આવે છે પણ અહીં આગલા દિવસે મહાકાળીની ભાવના સાથે દાંડિયા રાસ હતા.

મુખ્ય પ્રસંગોના દિવસે દેશવારમાં હાલ પ્રચલિત રીત પ્રમાણે ઉવસગહરં પાર્શ્વનાથ જાપ હતા. તે પછી રીંગ સેરેમની અને કેક કટીંગ. વચ્ચેના ગાળામાં રમતો રમાડવામાં આવી. જોકે રમત રમાડનારા પ્રોફેશનલને નહોતા બોલાવવામાં આવ્યા, સગામાંથી જ જેમને બોલવાની ફાવટ હોય તેમને સંચાલન સોંપવામાં આવ્યું હતું. એક થાળીમાં વિવિધ ચીઠ્ઠીઓ રાખવામાં આવેલી જેમાં વિવિધ વાતો કરવાના... ગીત ગાવાના... નાચ કરવાના... ચાળા પાડવાના એવા સૂચનો હતા.

એક પછી એક સગાએ એકલે કે જોડીમાં આવીને એ ચીઠ્ઠીમાં જણાવેલ સૂચનનો અમલ કરવાનો હતો. સગાઓ સંકોચ સહ આવતા ગયા અને પોતાને ફાળે આવેલી ચીઠ્ઠીઓ પ્રમાણે કરતા ગયા... એમની આવડત... અણ આવડતે વધાને મનોરંજન પૂરું પાડ્યું. થોડી વારે જૂથો પાડીને સૌને એક રૂમમાં આવવાનું આમંત્રણ અપાયું જ્યાં પ્રદર્શિત કરેલી ભેટો જોવાની હતી.

એ કાર્યક્રમમાં મારી બાજુમાં બહારગામના એક પીઠ આગેવાન બેઠા હતા. એમને માટે આ વધું નવું હતું એટલે તેમણે મને પત્રકાર છું એવું ખબર હોવાથી બે સવાલ પૂછ્યાં, પ્રથમ શું આ બધું આપણી નાતના રિવાજ પ્રમાણે થઈ રહ્યું છે ? બીજું, સૌને જાણ છે એવા નાતના રિવાજ પ્રમાણે દૂધ પીવાઈ ગયું હોય... મહાજનને ચોપડે નામ નોંધાવાઈ ગયું હોય... ખીર વધાઈ અપાઈ ગયા હોય પછી આટલું બધુ કરવાને બદલે લગ્ન જ કેમ પતાવી દેવાતા નથી ?

મેં એમને સમજાવ્યું કે આજકાલ તો આ સામાન્ય થઈ પડ્યું છે. બહારગામની મને ખબર નથી પણ મુંબઈમાં પોતે લગ્નના કાર્યક્રમ વ્યવસ્થિત રીતે કરે છે એવું દેખાડવું હોય તો આ ફરજીયાત થઈ પડ્યું  છે. કેટલાક લોકોને મન આ ઘર દેખાણીનું સુધરેલું રૂપ છે.

એ કાંઈ ન બોલ્યા પણ એમના મનનું કુતૂહલે ભલે શાંત પડયું હોય ચહેરા પર કંઈક વધુ પડતું અને અજુગતું થઈ રહ્યું હોય તેવા ભાવ આવ્યા. મને ડર લાગ્યો કે કદાચ હવે તેઓ એવું પૂછશે કે શું આ બધું ઠીક થઈ રહ્યુ છે... આ અકળાવનારા સવાલનો જવાબ ન આપવો પડે તે માટે મેં ફિલોસોફી ઝાડી, 'સમય પ્રમાણે બધું બદલાયા કરે'.

એમણે વાત આગળ ન વધારી પણ એમના ચહેરા પર મારા જેવા પત્રકારે આ બાબત લખવું જોઇએ અને નાતની સામાજિક રિવાજો સરખા જ નહીં પણ સરળ રાખવાની પ્રણાલિની યાદ બધાને અપાવવી જોઇએ એવા ભાવ વર્તાયા.

એ પછી જમવા જવાનું થયું એટલે વિચારમાળા ત્યાંજ અટકી. પણ બહારગામથી પાછા ફરતી વખતે બધાને અલગ અલગ ડબ્બામાં જગ્યા મળેલી એટલે એકલો પડ્યો એટલે ફરી વિચારમાળા આગળ ચાલીં. અમુક વસ્તુ નાતના રિવાજ પ્રમાણે છે કે નહીં એ વાત અસ્થાને છે કેમકે છેલ્લા પાંચ સાત વર્ષથી આ નવો ચાલ રૂઢ થતો ચાલ્યો છે અને આવનારા સમયમાં આ પારંપારિક સામુદાયિક રીતે નક્કી થયેલ જ્ઞાતિ રિવાજ નથી એ વાત અપ્રસ્તુત બની જવાની છે, તેને  જ્ઞાતિ રિવાજ તરીકે માન્યતા મળવાની છે.

વધુ વિચારતા એવું લાગ્યું કે જ્ઞાતિ રિવાજો સરળ હોવા જોઇએ એવી નાતની પ્રણાલિ અને ખાસ કરીને યુવાનોને ગમે તેવી વસ્તુ ભેગી કરી ઉજવણી ઉપરાંત વચનબધ્ધ થનારાઓને સહજીવન વિશે ઉપયોગી સમજ આપતા સેમિનાર અને દાંડિયા રાસ સાથે સમૂહ રીંગ સેરેમની ઉત્સવ યોજવાનો સમય પાકી ગયો છે.

**– ચંદ્રસેન મોમાયા**


|| શ્રી ગણેશાય નમઃ ||   || શ્રી અંબે માતાજી નમઃ ||
|| શ્રી પુડશા દાદાય નમઃ ||   || શ્રી ખેતર દાદાય નમઃ ||

**કચ્છ નલીયા ગામમાં મોતા ફરિયામાં બિરાજમાન ધરમશી ગૌત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા નલીયા - જખૌ - સાયરા તથા છાછરા ગામના પરિવાર જોગ**

જય  માતાજી સાથે જણાવવાનું કે ચૈત્ર શુદ તેરસ તા. ૯-૪-૨૦૧૬ ને રવિવારના સવારના ચડતે પહોરે શ્રી ખેતરપાળ દાદાની તથા શ્રી પુડશા દાદાની ગંધી (ધોત) બદલવાનો અને ત્યારબાદ શ્રી અંબે મા, શ્રી ખેતરપાળ દાદા તથા શ્રી પુડશા દાદાની સમુહ પહેડી નલિયા સ્થાને રાખેલ છે.

આ શુભ અવસરે સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**નોંધ :** બહોળી સંખ્યામાં પધારવા વિનંતી. સગવડતામાં સુગમતા રહે એ માટે અગાઉથી જાણ કરશોજી.

એજ લી. **ધરમશી પરિવારના જય માતાજી**

**શા. ધર્મેશ જાદવજી ધરમશી – 09833872899**
**શા. અશ્વીન કેશવજી ધરમશી – 09822469777**
**શા. દીપેશ લક્ષ્મીચંદ મોમાયા – 09323003032**

## ધર્મ અને વિજ્ઞાનનું મિલન

તાજેતરમાં એક સુંદર આધ્યાત્મિક પુસ્તક વાંચ્યું આખું પુસ્તક બે શ્રેષ્ઠ વ્યક્તિઓનું શ્રેષ્ઠ મિલન અને તેના દ્વારા શ્રેષ્ઠ નિર્માણ થવા જ લખાયું છે. પુસ્તકનું અર્પણ પણ જગત ભરના પવિત્ર લોકો માટે છે.

વિજ્ઞાન અને ધર્મ સાથે ચાલે તો જ માનવજાતિનો ઉદ્ધાર શક્ય છે. બન્ને એકબીજામાં પૂરક બની રહેવાં જોઇએ. ભારતમાં આજે પણ આવી આધ્યાત્મિક પવિત્ર વ્યક્તિઓ આપણા કાળમાં છે. તેનું સૌ ભારતવાસીઓએ ગૌરવ લેવા જેવું છે. ભારતીયોની ઈશ્વર તરફની શ્રદ્ધા અને આધ્યાત્મિકતા અખંડ રહે.

આદરણિય અબ્દુલ કલામના ઘરનું વાતાવરણ પવિત્ર અને મુક્ત હતું. પિતા મૌલવી, ચર્ચના પાદરી અને મંદિરના મહંત... આ સાથે પિતાને લગતી અનેક વાતો નાનપણમાં કાને પડતી અને પોતે આનંદ આશ્ચર્ય અનુભવતા.

એ સંસ્કારે જ કલામ સાહબને જૈનોના મહાન આચાર્ય, આચાર્ય મહાપ્રજ્ઞ અને પ્રમુખ સ્વામી સાથે મેળાપ કરાવ્યો. બન્ને સાથે તેમણે આધ્યાત્મિકતા ઉપર ચર્ચા કરી.

અબ્દુલ કલામ નેનો-બાયો-ઈન્ફોકોગ્નો ટેક્નોલોજીના માણસ પણ દિવ્ય ચેતનાના સંચાર વગર આ ટેક્નોલોજી થોડાકના હાથમાં જ રહી જાય અને સમગ્ર માનવજાત તેનો લાભ ન લઈ શકે તેનો વસવસો હૃદયમાં હતો. પ્રમુખ સ્વામીએ તેમાં આધ્યાત્મિક ઊર્જા ઉમેરવાનું જાણાવ્યું.

ભારતને પરિવર્તન કરવામાં પરમ શક્તિમાં શ્રદ્ધા અને શુભ ઊર્જાની જરૂર છે. આજે આપણે જે ચમત્કારો જોઇએ છીએ તે આવી શ્રદ્ધાનો પુરાવો છે. તેમનું સ્વપ્ન જરૂર પૂરું થશે.

કોઈપણ પ્રજાનો ઉદ્ધાર તેના લશ્કરી સેનાપતિઓ કે ઉદ્યોગપતિઓથી નથી થતો. પણ તેના અનવદ્ય ચારિત્ર્યબળ સાધુ-ભગવંતોથી થાય છે.

કલામસાહેબે, પ્રમુખસ્વામીને પુછયું : 'મંદિરો બનાવવાનો હેતુ શું છે' ? પ્રમુખસ્વામીએ સમજાવ્યું કે 'મંદિર એ અગોચર મૂર્ત સ્વરૂપ છે'. તેમનો ઉત્તર ટૂંકો પણ અગાધ હતો.

કલામસાહેબને સમજાયું કે માનવી સ્વભાવગત રીતે એવું જ માનીને ચાલે છે કે તેના અનુભવમાં પોતે જે કંઈ જુએ છે અથવા જે સ્થિતિમાં પોતે સામેલ થાય છે એ જ માત્ર સાચું છે. મોટા ભાગના લોકો તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન

અનુસંધાન ૯મા પાને


## ક.દ.ઓ. પોલડીયા પરિવારો જોગ

ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા

**ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર**

આયોજીત

**કચ્છ ધણીયાણી માં આશાપુરા માતાજીની આઠમી પહેડીમાં સૌ પોલડીયા પરિવારો તથા નિયાણી પરિવારોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**તારીખ : ૨૫-૧૨-૨૦૧૬, રવિવાર**

**સ્થળ :** અનંતસિધ્ધિ AC હૉલ, ભાંડુપ

**સમય :** સવારના ૯.૦૦ કલાકે

**ભાવિકોએ મધુબન ગાર્ડન ભાંડુપ પાસે સવારના ૮.૩૦ કલાકે પહોંચવાનું છે.**

-: લાભાર્થી પરિવાર :-

**અ.સૌ. હીના રાજેન્દ્ર વેલજી પોલડીયા પરિવાર**

(બાયઠ - જલગામ)

લી. ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતિ

## શ્રી બાયઠવાસીઓ જોગ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ**

તથા

**બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

ઉપરોક્ત બંન્ને સંસ્થાઓની એક સામાન્ય સભા રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૬ના રોજ સાંજના ૪.૦૦ કલાકે અનંતસિધ્ધિ AC હોલ, ભાંડુપમાં યોજવામાં આવેલ છે.

તદ્‌ઉપરાંત સાંજના તેજ દિવસે ૬.૦૦ થી ૧૦.૦૦ **બાયઠ જૈન સંઘ વતી સ્નેહમિલનનો કાર્યક્રમ** યોજવામાં આવેલ છે.

સૌ બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

**બંન્ને પ્રસંગોઓ સમયસર પધારવા વિનંતી.**

-: એજ લી. :-

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ**

તથા **બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

માનંદ મંત્રીઓના જય જિનેન્દ્ર

## સાન ફ્રાન્સિસ્કોનું કેફી સૌંદર્ય – અનુસંધાન ૨૦મા પાનેથી ચાલુ

કેબલ કારનો અનુભવ લેવા અમે પણ અન્ય પર્યટકો સાથે જોડાયાં. સાવ મુંબઈની લોકલ ટ્રેનોની જેમ તો નહીં, પણ લોકો હકડેઠઠ ભરાઈને, બંને બાજુએ ઊભા રહીને સવારીની મોજ લેતા હતા. સાન ફ્રાન્સિસ્કો ડુંગરો પર વસેલું છે તેથી એના રસ્તા ઉપર-નીચે જાય છે. ક્યાંક તો રસ્તા લસરપટ્ટી જેવા છે. આવા રસ્તા પર કેબલ કાર લસરતી હતી ત્યારે અંદર બેઠેલા પ્રવાસીઓ આનંદથી ચિચિયારીઓ પાડી ઉઠતા હતા.

ગોલ્ડન ગેટ બ્રિજ, ગોલ્ડન ગેટ નામની સમુદ્રધુની પર બંધાયો હોવાને લીધે એને આ નામ મળ્યું છે. સાન ફ્રાન્સિસ્કો અને મરિન કાઉન્ટીને જોડતો આ પુલ અનેક ફિલ્મો અને કથાઓમાં વણી લેવામાં આવ્યો છે. તે એટલો લોકપ્રિય છે કે દરેક પર્યટકની યાદીમાં એ સૌથી ઉપર હોય છે. સાન ફ્રાન્સિસ્કોને ધુમ્મસનું શહેર કહેવાય છે અને ત્યાં સતત પવન ફૂંકાયા કરે છે. તેમાં ય ગોલ્ડન ગેટ સમુદ્રધુની પાસે તો એકધારો એટલો બધો જોરદાર પવન ફૂંકાતો હોય છે કે વાત ન પૂછો. એક સમયે અહીં પુલ બાંધવાની વાત જ અશક્ય લાગતી હતી. ૪,૨૦૦ ફીટ લાંબો આ પુલ ચાર વર્ષની સખત મહેનત પછી, ૧૧ કામગારોની જિંદગીના ભોગે ૧૯૩૭માં બંધાઈને પૂર્ણ થયો અને એ સમયે એ દુનિયાનો સૌથી લાંબો તેમજ ઊંચો ઝૂલતો પુલ હતો. ૭૪૬ ફીટ ઊંચાં બે ટાવર આખા પુલનો ભાર ઝીલે છે. આ બ્રિજની ગણના ૨૦મી સદીનાં દસ શ્રેષ્ઠ બાંધકામોમાં થાય છે.

અમે સૌથી પહેલાં તો બ્રિજથી થોડે દૂર કાર ઊભી રાખીને વાતાવરણની સુંદરતા આત્મસાત કરી. બ્રિજના ટાવરના ઉપરના હિસ્સા ધુમ્મસમાં ઢંકાયેલા હતા. સામે ઉપસાગરમાં નૌકાઓ તરતી હતી. ઉપસાગરને પેલે છેડે ઘરોથી ઢંકાયેલા ડુંગરો હતા તો બ્રિજની નજીકના પર્વતાનાં શિખરો ધુમ્મસના આવરણ હેઠળ ખોવાઈ ગયાં હતાં. ફૂંકાતાં પવનને લીધે બહુ ઠંડી લાગતી હતી. ગાડીને ગોલ્ડન ગેટ બ્રિજ પરથી હંકારતાં આ જ દૃશ્યને ઊંચાઈએથી વધુ મનોરમ ભાળ્યું. પુલ પર રાહદારીઓ અને સાઈકલસવારો માટે ફૂટપાથ જેવો માર્ગ રાખવામાં આવ્યો છે. તેના પર ઘણા લોકો સ્ટાઈલિશ રનિંગ શુઝ ચડાવીને મસ્તીથી દોડતા હતા. રાતે અમે આ પુલની રોશનીમાં ઓગળતી સુંદરતાને ઘિરાડેલી સ્કવેર નામના વિસ્તારમાંથી પુનઃ માણી.

બ્રિજની નજીકમાં આવેલો ૧૦૧૭ એકરમાં પથરાયેલો ગોલ્ડન ગેટ પાર્ક નિર્ભેળ આનંદપ્રમોદ પૂરું પાડે છે. પાર્કમાં જ મ્યુઝિયમ છે, અહીં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થાય છે, રમતગમતની સવલતો છે, ખુલ્લામાં ફરવાની કે દોડવાની સુવિધા પણ છે અને જાપનીઝ ટી ગાર્ડન તેમજ બોટનિકલ ગાર્ડન પણ છે.

ફિશરમેન્સ વોર્ફ નામના લત્તામાં ચાલવાની મજા આવી. પાણીની નજીક આવેલો આ લત્તો પર્યટકોનો ફેવરિટ છે. અહીં રેસ્ટોરાં, સુવિનિયેરની દુકાનો, રસ્તા પર ચાલતા ખેલ, પર્યટકોની આવન-જાવન એ બધું મજા પડે એવું છે. અહીં ઘણી જેટીઓ છે જ્યાંથી ગોલ્ડન ગેટ બ્રિજની નીચે જવા કે નૌકાવિહાર કરવા નૌકાઓ ઉપડે છે. દરિયાની વચ્ચે અલકટ્રેઝ નામનો નાનો અને કૃત્રિમ ટાપુ છે. અલકટ્રેઝની જેલમાં ૧૯૩૪થી ૧૯૬૩ દરમિયાન ભયાનક મનાતા કેદીઓને રાખવામાં આવતા. દર વરસે ૧૪ લાખ લોકો અલકટ્રાઝની મુલાકાત લે છે. ફેરી અને ટાપુ પર સખત પવન વીંઝાતો હતો, પણ સુંદર અનુભવ માટે આ સફર કરવા જેવી છે. આપણા ત્યાં કાળા પાણીની સજા થતી. આ સજા પણ એવી જ હતી, જેમાં કેદીઓ દુનિયાથી સાવ કપાઈ જાય. અમને જેલમાં રહી ચુકેલા કેદીઓની અને ત્યાંના ચોકીદારોના અનુભવોની વાત ઓડિયો દ્વારા સાંભળવા મળી.

એસએફની ગણના અમેરિકાનાં જ નહીં દુનિયાનાં સૌથી સુંદર શહરોમાં થાય છે. એની ખરી સુંદરતા એના ઊંચાઈ પર આવેલા લત્તાઓમાંથી દૃષ્ટિગોચર થાય છે. પર્વતોની ટોચ પર આવેલા અમુક વિસ્તારોમાંથી નીચે દેખાતું પાણી, નૌકાઓ, ઢોળાવ પરનાં ઘરો, આકાશને ઢાંકતું ધુમ્મસ વગેરે દૃષ્ટાની આંખો સમક્ષ રહસ્યમય સૌંદર્યસૃષ્ટિ ખડી કરે છે. એફએફમાં એક બાજુ બહુમાળી અદ્યતન ઈમારતો છે, તો બીજી બાજુ બહારથી સુશોભિત કરેલાં, હળવા રંગોમાં રંગેલાં એક બે માળની નાની બંગાલીઓ જેવાં મકાનો છે.

એસએફની બહાર મ્યુઈર વુડ્સ નામનું રેડવુડ વૃક્ષોનું જંગલ છે. અમે સવારના આઠ વાગ્યામાં ત્યાં પહોંચી ગયાં. આટલા પહોળાં, ઊંચાં અને તોતિંગ વૃક્ષો જોઈને અમે આશ્ચર્યચકિત થઈ ગયાં. કોઈ કોઈ ઝાડ અહીં હજાર વર્ષથી વધુ જૂનાં છે. આ વનમાં ટ્રેકિંગ માટે ઘણી પગદંડીઓ છે. એ જ રસ્તા પર આવતું સોસેલિટો ગામ પણ થંભીને જોવા જેવું છે. અમે દ્રાક્ષના બગીચાઓથી શોભતી નાપા વેલી અને નાપા વિલેજ સુધી ગયાં. વાઈન ટેસ્ટિંગ માટે ત્યાં બહુ સુંદર જગ્યાઓ છે. અમને સાન ફ્રાન્સિસ્કોના સૌંદર્યનો કેફ તો ચડેલો જ હતો તેમાં અહીંના દ્રાક્ષાસવે ઉમેરો કર્યો. પ્રેમમાં પડી જવાય એવું આ શહેર જીવનમાં એક વાર જોવા જેવું છે.

**સાન ફ્રેન્સિસ્કો વિશે અવનવું**

- ગોલ્ડન ગેટ સુધી જવા માટે સાન ફ્રાન્સિસ્કો શહેરમાંથી ઘણી બસો ઉપડે છે. બ્રિજ પર જવા માટે પણ બસ લઈ શકાય છે.
- સાન ફ્રાન્સિસ્કો રહેઠાણની દૃષ્ટિએ મોંઘુ શહેર છે. અહીંની હોટેલ્સ પણ મોંઘી છે.
- હવામાન ખુશનુમા હોય છે છતાં પવનને લીધે જેકેટ સાથે રાખવું જરૂરી છે.

**ધર્મ અને વિજ્ઞાનનું મિલન** – ૭મા પાનાથી ચાલુ

પોતાની પાંચ ઈન્દ્રીયે સાથે જ સંકળાયેલા હોય છે અને તેમના માટે એ જ એકમાત્ર સત્ય હોય છે – બીજું કંઈ જ નહીં.

ઈન્દ્રિયોનો અનુભવ માત્ર ભૌતિક બાબતો સાથે જોડાયેલો છે. આપણી સમજણ ઇન્દ્રિયો સુધી જ મર્યાદિત હોવાના કારણે, આપણે જીવનરૂપે જે કંઈ પણ જાણીએ છીએ એ બધું જ ભૌતિક છે : આપણા શરીર, આપણાં મન, આપણી લાગણીઓ અને આપણી જીવન ઊર્જા બધું જ ભૌતિક છે.

જ્યારે આપણે ઉપર નજર કરીએ ત્યારે ઉપર વિશાળ ખાલીપો જ લાગે છે, પંરતુ ત્યાં પણ આપણે રાત્રે તારાઓ અને ચંદ્ર જોઇએ છીએ અને દિવસે સૂર્ય જોઇએ છીએ, જે બધી જ ભૌતિક વસ્તુઓ છે.

એટલા માટે જ મંદિર કે મસ્જિદ કે પૂજાનું કોઈ પણ સ્થળ આપણને ભૌતિક બાબતોથી પર રહેલી ચીજો સાથે જોડતો સેતુ છે. ખરાં આધ્યાત્મિક સ્થળો આપણને માનવીના આ જગતથી પર, ભગવાન સાથે જોડાણ કરવામાં અને પરમજ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ઉપરાંત નિયમિત અને ખરા દિલથી કરવામાં આવતી પ્રાર્થના મનને ઉન્નત કરવામાં અને દિવ્યતાનો અનુભવ કરવામાં મદદ કરે છે.

આત્મા એ જ આપણું ખરું સ્વરૂપ છે. અક્ષર આપણા આત્માથી ઊંચા સ્તરે છે. એ આપણા અસ્તિત્વનો દિવ્ય અર્ક છે. આપણાંમાંના દરેકમાં રહેલા તેજ અને જીવનનો સ્ત્રોત છે. જ્યારે આપણે આપણી જાતને અક્ષર સાથે સાંકળીએ છીએ ત્યારે આપણે પ્રત્યક્ષ રૂપે સર્વોપરી દિવ્ય તત્વને અનુભવી શકીએ છીએ.

જેમ જેમ આપણે દિવ્ય પરમાત્મા સાથે સંવાદ કરીએ છીએ, તેમ તેમ આપણે તેમનું માર્ગદર્શન મેળવી શકીએ છીએ. શાંતિ, સંવાદિતા અને તેજ પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે ખલેલ પહોંચાડતા ભૌતિક વિશ્વથી સહેલાઈથી દૂર જઈ શકીએ છીએ અને પોતાને સ્થાપિત્ય કરી શકીએ છીએ.

જો પરમેશ્વરને લગતા સંપૂર્ણ અને સર્વગ્રાહી જ્ઞાનનો પ્રશ્ન હોત, તો આપણે ચોક્કસપણે સ્વીકારવું જ પડે કે માનવીનું જ્ઞાન ત્યાં સુધી પહોંચી ન શકે. પરમેશ્વરની લાક્ષણિકતાઓને ચોક્કસ મર્યાદામાં સીમિત કરી શકાય નહીં. આમ તેમના માટે આપણે જ કંઈ પણ તુલના કે ઉપમા આપીએ એ ખોટી પડવાની પૂરી સંભાવના હોય છે.

વિજ્ઞાન જે કંઈ અવલોકન કરે છે અને નૈસર્ગિક વાતાવરણમાં વિચારાયું છે, એ સઘળું પરમેશ્વરનું સર્જન છે, જે તેની ઇચ્છા અને આજ્ઞા અનુસાર સર્જાયું છે.

પરમેશ્વરનો આ અંશ પ્રકૃતિનો હિસ્સો નથી અને સર્જિત વસ્તુઓના વર્ગમાં પણ તેનો સમાવેશ થતો નથી. આથી, માનવી, તુલના અને સામ્યતા દ્વારા ખરેખર પરમેશ્વરના અંશને પામી શકે નહીં. સતત પ્રાર્થના દ્વારા ભક્તો માત્ર માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે.

જે પરમેશ્વરને જાણી શકે છે અને તેના અસ્તિત્વને સ્પર્શી શકે છે તે વિચારની અતુલ્ય શક્તિ છે. આ વિચાર એ એક એવું ક્ષણિક તેજ છે જે પરમેશ્વરમાંથી નીકળી આપણને સ્પર્શે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની અને સત્ય પામવાની આપણને એક ક્ષમતા આપે છે. આ ભેટમાંથી પરમેશ્વર વિશેનું જ્ઞાન પ્રગટ થાય છે.

જૈન આગમો પ્રમાણે પવિત્ર કુરાનમાં પણ એ જ ઉપદેશ આપવામાં આવ્યો છે. ભાષા જુદી છે પણ અર્થ એક જ છે.

વાંચો કુરાન સુરાહ અલ બકરાહ (આયાત ૧૬૩-૬૪): ''તમારો ઈશ્વર એ એકમાત્ર ઈશ્વર છે. દયાળુ અને કૃપાળુ સ્વર્ગ અને પૃથ્વીના સર્જનમાં, રાત્રી અને દિવસના ચક્રમાં, માણસના લાભ માટે દરિયામાં વિહરતાં જહાજોમાં. પૃથ્વીના નાશ પછી તેના નવસર્જન માટે સ્વર્ગમાંથી મોકલવામાં આવતા વરસાદમાં, સમગ્ર જગતમાં પથરાયેલા અલગ અલગ પ્રજાતિનાં પ્રાણીઓમાં (જૈનોમાં જેને ૮૪ લાખ યોનીઓ કહે છે) હવાની અવરજવરમાં ઈશ્વરના હુકૂમને આધીન સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે વાદળોમાં, આ બધામાં મનુષ્યો, કે જે બુદ્ધિનો પ્રયોગ કરે છે, તેને માટે સંકેતો છે.''

મંદિરોના અભૂતપૂર્વ સર્જનમાં માનવીની બૌદ્ધિક ક્ષમતા, સંગઠનાત્મક કુશળતા, સર્જનાત્મકતા અને ભગવાનની કૃપાદષ્ટિ જોઈ શકાય છે. મંદિરનું સ્થાન એ અગોચરનું પ્રવેશદ્વાર છે.

– **પ્રવિણ લોડાયા** (વડોદરા)


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી મોટી ખાવડી તીર્થ ||

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ||

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

**જીઃ જામ નગર, ગુજરાત - ૩૬૧૧૪૦**

---

**સહર્ષ ખુશાલી સાથે સર્વે ગામ વાસિઓને જણાવવાનું કે, સવંત ૨૦૭૧-૭૨ દરમ્યાન આપણા માદરે વતનમાં મહાપર્વાધિરાજ પયુર્ષણ ની હર્ષોલ્હાસ સાથે ઉજવણી કરવામાં આવેલ, સંપુર્ણ પયુર્ષણ પર્વ દરમ્યાન નવકારશી, સ્વામિ વાતસલ્ય અને ચૌવિહાર નિ શ્રી સંઘ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ, સર્વે સખી દાતાશ્રી ઓનુ અમો ભુરી ભુરી અનુમોદના કરીયે છીએ. મહાપર્વ મા શ્રીપોથી પધરાવવાનો લાભ શ્રી.સુરેશ માલશી દેવરાજ લોડાયા પરિવારે લિધેલ અને શ્રી.વીરપ્રભુ નું પારણુ પધરાવવાનો લાભ માતૃશ્રી.લક્ષ્મીબેન જયંતિલાલ હંશરાજ ખોના પરિવારે લિધેલ સાથે નિચે દર્શાવેલ ભાગ્યશ્રીઓ એ મોક્ષ ની બારી અને ૧૪ સ્વપ્નનો લાભ ઉલ્લાસ ભેર લિધેલ. આર્યરક્ષિતા વિદ્યાપિઠ થી આવેલ બેહનો એ સંપુર્ણ પર્વ દરમ્યાન શ્રી સંઘ ને અનુમોદનીય ધર્મ ની આરાધના કરાવી તે બદલ અમો એમના અને શ્રી વિદ્યાપિઠ ના રૂણી છીએ. સવંતશરી ના સમુહ ક્ષમાપના નુ આયોજન કરેલ ત્યારબાદ વીરપ્રભુ ના પારણાનો વરઘોડો અને સ્થાનિક વિદ્યાર્થિઓ નુ શૈક્ષણીક અભિવાદન કરવામા આવેલ શૈક્ષણીક અભિવાદન ના દાતા માતૃશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર સાથે આપણા પુજારી શ્રી. પ્રદીપભાઈ અને આરાધક બેહનો નુ સનમાન કરેલ આજ રીતે આપ સર્વે ગામ વાસિઓ નો સાથ અને સહકાર આજ રિતે શ્રી સંઘને મળતો રહે એજ અભ્યર્થના.**

| | | |
|---|---|---|
| **શ્રી મોક્ષની બારી** | : | **કુ. હાર્દિક શૈલેશ શાંતિલાલ લોડાયા** |
| **શ્રી ગજરાજ** | : | **શા. માણેકજી રૂપશી લોડાયા (ભાભાવારા) પરિવાર** |
| **શ્રી વૃષભ** | : | **શા. શાંતીલાલ શામજી લોડાયા પરિવાર** |
| **શ્રી કેશરી સિંહ** | : | **શા. રામજી દેવરાજ ખોના** |
| **શ્રી મહાલક્ષ્મી** | : | **માતૃશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર** |
| **શ્રી ફુલની માળા** | : | **શા. છગનલાલ વેરશી લોડાયા પરિવાર** |
| **શ્રી ચંદ્રમા** | : | **માતૃશ્રી હીરબાઈ હંસરાજ ખોના (હ. કંચનબેન રમેશચંદ્ર ખોના)** |
| **શ્રી સુર્યદેવ** | : | **માતૃશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર** |
| **શ્રી ધર્મની ધ્વજા** | : | **શ્રી દિપક લક્ષ્મીચંદ ખોના પરિવાર** |
| **શ્રી કળશ** | : | **શ્રી કુંદનકુમાર લક્ષ્મીચંદ ખોના પરિવાર** |
| **શ્રી પદમ સરોવર** | : | **માતૃશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા પરિવાર** |
| **શ્રી શિર સમુદ્ર** | : | **શા. ખિમજી કરમશી લોડાયા પરિવાર** |
| **શ્રી દેવ વિમાન** | : | **શા. ખિમજી કરમશી લોડાયા પરિવાર** |
| **શ્રી રત્નની રાશી** | : | **શા. મોતીલાલ દેવજી લોડાયા પરિવાર** |
| **શ્રી નિર્ધમ અગ્ની** | : | **માતૃશ્રી રાજબાઈ વેરશી લોડાયા (હ. પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા)** |

**લી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી**
**પ્રમુખ અને ટ્રસ્ટીગણ**

।। શ્રી મોટી ખાવડી તીર્થ ।।

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।। ।। શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ।।

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

**પક્ષાલ પૂજા સવંત ૨૦૭૨ થી ૨૦૭૩ (માસિક નકરો ૧૫૦૦/-)**

**ભાદરવ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : માતૃશ્રી. જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા પરિવાર**

**કેશર સુખડ પૂજા સવંત ૨૦૭૨ થી ૨૦૭૩ (માસિક નકરો ૩૧૦૦/-)**

| | | |
|---|---|---|
| ભાદરવાદ સુદ ૬ થી આસો સુદ ૫ | : | શા. મોતીલાલ દેવજી લોડાયા પરિવાર |
| આસો સુદ ૬ થી કારતક સુદ ૫ | : | શ્રીમતી. જયશ્રી દિપક શામજી લોડાયા પરિવાર (મુલુંડ) |
| કારતક સુદ થી માગશર સુદ ૫ | : | માતૃશ્રી. જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર |
| માગશર સુદ ૬ થી પોસ સુદ ૫ | : | માતૃશ્રી. કમલબાઈ શિવજી લોડાયા પરિવાર (ભાભાવારા) |
| પ્રોસ સુદ ૬ થી મહા સુદ ૫ | : | માતૃશ્રી. કમલબાઈ શિવજી લોડાયા પરિવાર (ભાભાવારા) |
| મહા સુદ ૬ થી ફાગણ સુદ ૫ | : | માતૃશ્રી. કમલબાઈ શિવજી લોડાયા પરિવાર (ભાભાવારા) |
| ફાગણ સુદ ૬ થી ચૈત્ર સુદ ૫ | : | કુમાર. ધવલ મયુર લોડાયા (માતૃશ્રી. જ્યાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર) |
| ચૈત્ર સુદ ૬ થી વૈશાખ સુદ ૫ | : | માતૃશ્રી. નેણબાઈ મેઘજી લોડાયા પરિવાર |
| વૈશાખ સુદ ૬ થી જેઠ સુદ ૫ | : | માતૃશ્રી. મંજુલાબેન છગનલાલ વેરસી લોડાયા પરિવાર |
| જેઠ સુદ ૬ થી અસાડ સુદ ૫ | : | માતૃશ્રી. સુંદરબાઈ શામજી લોડાયા પરિવાર (મસ્જીદ બંદર) |
| અષાડ સુદ ૬ થી શ્રાવણ સુદ ૫ | : | અ.સૌ. સંધ્યા ગિરીશ ખીમજી લોડાયા પરિવાર |
| શ્રાવણ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ | : | માતૃશ્રી. રાજબાઈ વેરશી કરમશી લોડાયા પરિવાર (હ. પુષ્પા ચંદ્રકાંત લોડાયા) |

**ધૂપ પૂજા સવંત ૨૦૭૨ થી ૨૦૭૩(માસિક નકરો ૧૧૦૦/-)**

| | | |
|---|---|---|
| ભાદરવાદ સુદ ૬ થી આસો સુદ ૫ | : | માતૃશ્રી. બાંયાબાઈ ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર (હ. અનિતા જીવરાજ લોડાયા) |
| આસો સુદ ૬ થી કારતક સુદ ૫ | : | શા. નરશી કરમશી લોડાયા પરિવાર |
| કારતક સુદ થી માગશર સુદ ૫ | : | શા. રમણીકલાલ જેવત ખોના પરિવાર |
| માગશર સુદ ૬ થી પોસ સુદ ૫ | : | કુ. ભુમી ભાવેશ લોડાયા |
| પ્રોસ સુદ ૬ થી મહા સુદ ૫ | : | પૂજા જીગર લોડાયા (હ. વિહાન જીગર લોડાયા) |
| મહા સુદ ૬ થી ફાગણ સુદ ૫ | : | કુ. રાખી પંકજ લોડાયા |
| ફાગણ સુદ ૬ થી ચૈત્ર સુદ ૫ | : | માતૃશ્રી. આશાબેન રમેશ હેમરાજ લોડાયા પરિવાર |
| ચૈત્ર સુદ ૬ થી વૈશાખ સુદ ૫ | : | શા. પાસુભાઈ રૂપશી લોડાયા પુરિવાર |
| વૈશાખ સુદ ૬ થી જેઠ સુદ ૫ | : | માતૃશ્રી જમનાબેન પાસુભાઈ લોડાયા પુરિવાર |
| જેઠ સુદ ૬ થી અસાડ સુદ ૫ | : | શા. છગનલાલ વેરશી લોડાયા પરિવાર |
| અષાડ સુદ ૬ થી શ્રાવણ સુદ ૫ | : | માતૃશ્રી. હીરબાઈ પ્રેમચંદ્ર ખોના પરિવાર (હુબલી) |
| શ્રાવણ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ | : | માતૃશ્રી. રાજબાઈ વેરશી કરમશી લોડાયા પરિવાર (હ. પુષ્પા ચંદ્રકાંત લોડાયા) |

**દિપક પૂજા સવંત ૨૦૭૨ થી ૨૦૭૩ (માસિક નકરો ૨૧૦૦/-)**

| | | |
|---|---|---|
| ભાદરવાદ સુદ ૬ થી આસો સુદ ૫ | : | શા. ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર (હ. અનિતા જીવરાજ લોડાયા) |
| આસો સુદ ૬ થી કારતક સુદ ૫ | : | માતૃશ્રી. સરોજબેન માણેકજી રૂપશી લોડાયા પરિવાર (ભાભાવારા) |
| કારતક સુદ થી માગસર સુદ ૫ | : | માતૃશ્રી. કંચનબેન રમેશચંદ્ર હંસરાજ ખોના પરિવાર |
| માગસર સુદ ૬ થી મહા સુદ ૫ | : | માતૃશ્રી. વિમલાબેન અરવિંદ શામજી લોડાયા પરિવાર (મુલુંડ) |
| મહા સુદ ૬ થી ફાગણ સુદ ૫ | : | શા. રમેશ હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર |
| ફાગણ સુદ ૬ થી શ્રાવણ સુદ ૫ | : | શા. માલશી દેવરાજ લોડાયા પરિવાર |
| શ્રાવણ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ | : | માતૃશ્રી. રાજબાઈ વેરશી કરમશી લોડાયા પરિવાર (હ. પુષ્પા ચંદ્રકાંત લોડાયા) |

**અંગ લુછણા / પાટ લુછણા સવંત ૨૦૭૨ થી ૨૦૭૩ (માસિક નકરો ૫૦૦/-)**

**ભાદરવા સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : શા. હર્ષદ કાંતીલાલ વેરશી લોડાયા પરિવાર**

# ‘હસરત તો યહ હૈ કિ....’

**- ભગવતીકુમાર શર્મા**



મને હાલ ઓગણસિત્તેરમું વર્ષ ચાલે છે. એની વય મારા કરતાં ઓછામાં ઓછાં ત્રીસેક વર્ષ વધારે તો ખરી જ. અર્થાત્ તેની શતાબ્દી ઊજવી શકાય. છેલ્લાં બાસઠ વર્ષથી હું તેના પ્રત્યક્ષ, અવિચ્છિન્ન સંબંધમાં છું. તે પહેલાંયે તેને વિશેના ગૌરવભર્યા ઉલ્લેખો હું સાંભળતો હતો. જ્યારે હું તેના અડોઅડ સાન્નિધ્યમાં નહોતો ત્યારેય કાંઈ તેનાથી ઝાઝો દૂર નહોતો. તેની ઝલક મને અવારનવાર મળતી. હું સાત વર્ષની વયે પહોંચ્યો તે સાથે તો તેની વિશાળ ગોદમાં એવો સમાયો કે આજનો દિવસ અને કાલની ઘડી! ‘અઠે દ્વારકા’ થયું તે થયું! ન હું તેને, ન તે મને છોડવા માગે છે.

વર્ષો પહેલાં એક હિન્દી ફિલ્મ જોઈ હતી. ‘શીશમહલ.’ સોહરાબ મોદી તેના દિગ્દર્શક અને મુખ્ય અભિનેતા હતા. તેમની ભૂમિકા તેમાં ગઈ પેઢીના ઠાકુરસાહેબની હતી. જે પોતાની ઓસરતી જતી જાહોજલાલીના વિવાદગ્રસ્ત સાક્ષી છે. તેઓ જે વિશાળ હવેલીના મકાનમાં મોટા કુટુંબ સાથે રહે છે તે ‘શીશમહલ’ને નામે ઓળખાય છે. ઠાકુરને એ મકાન પ્રત્યે બેહદ પ્યાર અને લગાવ છે. તેઓ તેને કદી ન છોડવાનો નિર્ધાર કરી બેઠા છે, પણ સંજોગો પ્રતિકૂળ બનતા જાય છે. ‘શીશમહલ’ની હરાજી થાય છે. ભગ્નહૃદયી ઠાકુરને ‘શીશમહલ’ છોડવાનો વારો આવે છે. સોહરાબ મોદી એક હૃદયવેધક સંવાદ બોલે છે, જે મને હજી યાદ છે : ‘હસરત તો બહુત થી કિ ઈસ ‘શીશમહલ’ સે મેરી અર્થી યહાં સે નિકલે, લેકિન મજબૂરી આજ મુઝે યહાં સે ઝિન્દા નિકાલ રહી હૈ.’ ‘શીશમહલ’ છોડ્યા પછી ઠાકુર ઝાઝું જીવતા નથી.

હું વીતેલા જમાનાનો ઠાકુર નથી : ઓસરી જાય એવી અને એટલી જાહોજલાલીનો હું માલિક નથી; મારું ઘર ‘શીશમહલ’ નથી. છતાં.... ફિલ્મમાંના ઠાકુરને તેના ‘શીશમહલ’ પ્રત્યે જે પ્રેમ અને લગાવ હતા તેના કરતાં મને મારા સદી વટાવી ચૂકેલા ઘર માટે જરાય ઓછા પ્રેમ અને લગાવ નથી. મારા સમગ્ર જીવનમાં સંબંધોના અતૂટ સાતત્યનું સર્વોપરી સ્થાન છે. પત્ની જ્યોતિ સાથેના મારા લગ્નને હાલ પચાસમું. ‘ગુજરાતમિત્ર’ દૈનિકના તંત્રીવિભાગ સાથેની સંલગ્નતાને ઓગણપચાસમું, કવિ મનહરલાલ ચોકસી સાથેના મૈત્રીસંબંધને પચાસમું અને સાહિત્ય પદાર્થ સાથેના પ્રેમસંબંધને ચોપનમું વર્ષ ચાલે છે! સંબંધી પરત્વે હું વર્ષો તો નહીં, દાયકાઓનો માણસ છું! મારી જન્મભૂમિ સુરત સાથેનો મારો આશક-માશૂકનો સંબંધ તો સાત દાયકાનો થવા આવ્યો છે! આ જ સ્થિતિ મારા ઘર પ્રત્યેના ભાવસંબંધની છે. લગભગ સિત્તેર વર્ષમાં મેં એક જ ઘરબદલો કર્યો છે. તેનેય હવે તો બાસઠ વર્ષ વીત્યાં છે. ઘર વિશેનું મારું આ સુદીર્ઘ સંબંધ-સાતત્ય સઘન ભાવ-સાતત્યમાં પરિણમ્યું છે. તે અનન્ય ઉત્તરોત્તર ઘૂંટાય છે. મારા જન્મ પહેલાં પિતાજીએ આ વિશાળ, ખખડધજ, કોક વટવૃક્ષ જેવું આ મકાન મામૂલી કિંમત છતાં ઉછી-ઉધાર કરીને ખરીદેલું. આજે એની કિંમત લાખોમાં અંકાય છે. એની જર્જરતા અને અગવડોથી કંટાળી એને વેચી નાખવા હું કદીક તૈયાર થઈ જાઉં છું. પણ સોદો પતતો નથી એટલે વધારેમાં વધારે રાહત હું જ અનુભવું છું! પિતાએ તે ખરીદ્યું તે પછી ખાસ્સા સમય સુધી આ ઘર ‘બંગલા’ તરીકે

*ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઈશ્વર, તું કેવો અકસ્માતથી સર્જાય છે ઈશ્વર.*
*હેઠા મુકાશે હાથ ને ભેગા થશે પછી જ, કોશિશ જ્યાં પતે ત્યાં જ શરૂ થાય છે ઈશ્વર.*

ઓળખાતું જે તેમને માટે ગર્વનો વિષય હતો. આજે એ જ ઘરના પાછલા હિસ્સાને કેટલાક લોકો 'સુદામાની ઝૂંપડી' કહે છે! 'બંગલા' અને 'ઝૂંપડી'ની ઓળખ પરત્વે હું તટસ્થ છું! આ જ ઘરમાં મેં પિતાજીના સામવેદના મંત્રોના ઘોષ વર્ષો સુધી સાંભળ્યા અને પછી એક શિયાળુ બપોરે તેઓ એ જ મંત્રનું રટણ કરતા આ જ ઘરમાંથી અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા. આ જ ઘરમાં બાનો ઝીણો, મીઠો કંઠ દીર્ઘકાળપર્યંત 'ગઝલમાં ગીતા' ગુંજન કરતો રહ્યો અને પછી એક દિવસ મેં તેની મૃત્યુશય્યા પાસે બેસીને ગીતાપાઠ કર્યો. આ જ ઘરમાંથી મેં મારું ખરું શાળાજીવન શરૂ અને પુરું કર્યું. ઉચ્ચ અભ્યાસનાં મારાં સમણાં આ જ ઘરમાં નંદવાયાં અને અંતહીન લાગતા ખાલીપામાંથી સર્જાયેલા વિષાદની ભીંસમાં મને તરફડતો આ જ ઘરે જોયો. આ જ ઘરમાં મેં વાંસળીઓ વગાડી, ગીતો ગાતાં, સાથિયાઓ પૂર્યા. ચિત્રો દોર્યાં, નાટકના સંવાદો ગોખ્યા, કવિતાનો કહો કે સાહિત્યનો પહેલો શબ્દ મેં આ જ ઘરમાં પાડ્યો અને પછી તો ખર્વ-નિખર્વ શબ્દો પડતા રહ્યા. 'સાભાર પરત'ની હતાશા અને 'રચના સ્વીકાર છે'નું પ્રોત્સાહન, સામયિકો, પુસ્તકો, પ્રશંસકોના - આલોચકોના પત્રો, પુરસ્કારના મનીઑર્ડર બધું બદલાતા ટપાલીઓ દ્વારા મને આ ઘરમાં જ મળતું રહ્યું છે. આ જ ઘરમાં ઉમાશંકર જોશીની ગરિમા, હરીન્દ્ર દવેની ઋજુતા, પીતામ્બર પટેલની જિજ્ઞાસા, સુરેશ દલાલની આત્મીયતા, મોરારિબાપુનું સૌજન્ય, સ્વામી સચ્ચિદાનંદજીના આશીર્વાદ, ચન્દ્રકાન્ત બક્ષીનું વાર્તાલાપ-કૌશલ, મધુ રાયના હાસ્ય-ઠહાકાઓ, રમેશ પારેખના ગીત-ટહુકા, ગનીભાઈ દહીંવાલાનો ગઝલ-ગુંજારવ, ગુણવંત શાહના વિચાર-સ્ફુર્લિંગ, રઘુવીર ચૌધરીનો સ્નેહઃ બધું મેં સભરપણે ઝીલ્યું છે.

આ જ ઘરમાંથી મારા લગ્નની જાને પ્રસ્થાન કર્યું હતું અને 'સુદામાની ઝૂંપડી'ને નામે ઓળખાતી ઓરડામાં મેં જ્યોતિ સાથે દાંપત્યનો આરંભ કર્યો હતો. મારા પ્રથમ સંતાનના જન્મનો ટેલિગ્રામ મને આ જ ઘરને ઉંબરે મળ્યો હતો અને મારાં બીજાં સંતોનાના આગમન સાથે પણ આ જ ઘર સંકળાયેલું હતું. મારું યજ્ઞોપવીત આ જ ઘરને આંગણે રચાયેલા મંડપમાં થયું હતું. આ જ આંગણેથી મારા પુત્રનાં લગ્નનો વરઘોડો નીકળ્યો હતો અને મારી બંને પુત્રીઓની લગ્ન પછીની વિદાય એ જ આંગણેથી થઈ હતી. પુત્રવધૂનું આગમન પણ આ જ ઘરને દ્વારે થયું હતું. પૌત્ર-પૌત્રી-દોહિત્ર-દોહિત્રી, બધાં આ જ ઘરના બારણેથી ધિંગામસ્તી કરતાં આવે-જાય છે. મિત્રોનાં ઝુંડનાં ઝુંડ ભરતીનાં મોજાંની જેમ આ જ ઘરમાં ઊમટ્યાં છે અને હવે ઓટનો અનુભવ પણ અહીં જ થઈ રહ્યો છે. આ જ ઘરમાં હું પિતાના ધાકથી થર્યો છું. માતાસ્નેહથી ભીંજાયો છું. પત્નીની કાળજીથી સચવાયો છું. આ જ ઘરમાં મેં મરણતોલ માંદગીઓ વેઠી છે અને એક આખું વર્ષ હું અનિદ્રાથી પીડાયો છું. વિષાદ અને ઝુરાપાઓના પ્રલંબ સમયખંડોએ મને આ જ ઘરમાં રંજાડ્યો છે. અહીં જ હું ભોંયસરસો પછડાયો છું અને ફરીથી હામ કેળવી કર્તવ્ય પથે વળ્યો છું. અહીં જ મેં કોડિયે, ખડિયે, ફાનસે અખૂટ વાંચ્યું છે અને આંખોનું નખ્ખોદ કાઢ્યું છે! આ ઘરની અગાસીમાં ચાંદનીના સમુદ્રે મને ભીંજવ્યો છે અને બારણા જેવી બારીમાંથી મેં વરસાદનું વહાલ અને સૂરજનો સંતાપ ઝીલ્યાં છે. આ ઘરમાં અંધકારની ઉષ્માનો હું અર્થ સમજ્યો છું અને એકાન્તના આશીર્વાદ પામ્યો છું. આ ઘર મને એકસાથે પિતાના પ્રભાવ, માની મમતા, પત્નીની નિસબત અને મારી સકળ હયાતીની અર્થવત્તાના પુંજ જેવું અનુભવાય છે!

આ ઘરના ખૂણેખૂણા, કણેકણ સાથે મારો પ્રગાઢ ભાવસંબંધ છે. એનું લાકડાનું જુનવાણી ફર્નિચર મને મારા જેટલું ઐતિહાસિક લાગે છે. ઘરની અવ્યવસ્થામાંની વ્યવસ્થા સાથે મારા હાથના સ્પર્શનો સીધો સંબંધ છે. તસવીરોથી ઢંકાયેલી

*રહેવાને આવ્યો જ્યારથી હું એના ઘર નજીક, રસ્તામાં ઘણી વાર મળી જાય છે ઈશ્વર.*
*જો દૂર પેલી વસ્તીમાં ભૂખ્યાં છે ભૂલકાં, લાગે છે તને દૂરનાં ચશ્માંય છે ઈશ્વર.*

દીવાલોમાં મને કશું અજુગતું લાગતું નથી. નળની ચકલી ફેરવવા જાઉં છું અને આખો નળ હાથમાં આવી જાય છે! રસોડાની બત્તીની સ્વિચ સમરાવ્યા પછી પણ બગડેલી રહે છે. દાયકાઓ જૂના લાકડાના કબાટનું એક ખાનું એ મારું વોરડ્રોબ છે અને એમાંથી કફની-પાયજામો લેવા જતાં બધા જ કપડાં બહાર કૂદી પડે છે! રસોડાની હાલત હમણાં સુધી એવી હતી કે ચોમાસામાં છત્રી ઓઢીને રસોઈ કરવી પડે! ઘરમાં એકમાત્ર સારું રાચ તે હીંચકાની ઘુઘરિયાળી સાંકળો! બકુલ ત્રિપાઠી ક્યારેક એ હીંચકે ઝૂલવા માટે જ સુરત આવે છે! ઠાંસી-ઠાંસીને મેં ઘરમાં જ્યાં-ત્યાં, જેમ-તેમ પુસ્તકો, છાપાં, ચોપાનિયાં, કાગળિયાં ભર્યાં છે. ખરે વખતે હું જ તેમાનું કાંઈ શોધી શકતો નથી! નવું રચાતું જાય છે, જુનૂં ઘણું ઊધઈને સ્વાધીન થઈ ગયું છે. કેટલું બદલાયું છે આસપાસ! - હું બાળકમાંથી બુઢ્ઢો બની ગયો છે! ચોમેર ઊંચા ઊંચા મકાનોએ મારા ઘરની વાડી અને અગાસીમાંથી દૃષ્ટિગોચર થતી હતી તે સુંદરતાને કચડી નાખી છે. બાર ઓરડા, બે અગાસી, એક વાડો અને ત્રણ તુલસીકૂંડાં ધરાવતા આ ઘરમાં હવે અમે બે જ જણ રહીએ છીએ 'સુંદર સુવિધાસંપન્ન રો-હાઉસમાં રહેવા ગયેલાં પુત્ર-પુત્રવધૂ-પૌત્રો-પૌત્રી અમને આ ખંડેર જેવું ઘર છોડી તેઓની સાથે રહેરા આવવાનું વારંવાર કહે છે : અમે બહાનાં કાઢી વાતને ઉડાવી દઈએ છીએ, ટાળીએ છીએ, વાત સાચી છે. અહીં અગવડો જ અગવડો છે. ન સારો બાથરૂમ, એક વૉશબેસીન પણ અહીં નથી. જરાક જોરથી પવન વીંઝાય તો કશુંક ઊડી કે પડી જવાનો ધ્રાસકો! ઘરને અડીને જતા રસ્તા પર ટ્રાફિક એટલો કે માંડ રાતે એકથી ચાર સુધી શાંતિ પથરાય! અને હું એ જ ટ્રાફિકસભર રસ્તા પર પડતી બારી પાસે બેસી, સૂરજને અજવાળે, શક્ય એટલી જળકમળવત્ મનઃસ્થિતિ, કહો કે સ્થિતપ્રજ્ઞતા કેળવીને વર્ષોથી, દાયકાઓથી લખતો જ રહ્યો છું. અસૂર્યલોક અને 'ઊર્ધ્વમૂલ' જેવી બૃહત્કાય નવલકથાઓ, સેંકડો વાર્તાઓ - નિબંધો - કવિતાઓ - અત્યારે લખાતી આત્મકથા; સર્વનું લેખન મારા આ ઘરની ટ્રાફિક-કોલાહલથી ખીચોખીચ બારીની સાક્ષીએ!

પણ હું ધ્રાસકા સાથે સમજું છું : આ ઘર સાથેનો મારો સંબંધ હવે ગમે ત્યારે ખૂટી જાય! આ ઘરની વસવાટક્ષમતાનું સિચ્યુએશન પોઈન્ટ ઘણું ટૂંકડું છે. અહીં હવે માત્ર સૂક્ષ્મ દેહે રહી શકાય તેમ છે, સ્થૂળ દેહે નહીં. છતાં મારું પક્ષપાતપૂર્ણ મન હજી આ ઘરમાંથી કંઈક ને કંઈક જમાપાસાં શોધી તેને આગળ કરતું રહે છે : ઘરનો આગલો હિસ્સો તો હજી ખાસ્સો અડીખમ છે; આટલા વિશાળ ઓરડા ફ્લૅટ કે રો-હાઉસમાં ક્યાંથી મળવાના હતા! અને હવા-ઉજાસ તો જુઓ! અગાસીની ઠંડક કાંઈ જેવીતેવી છે? આટલો બધો સામાન કયા એપાર્ટમેન્ટમાં નાખશો? અને જીવનમાં પહેલી વાર અહીં જે નિર્બાધ સ્વતંત્રતા મળી છે! ભર્યોભર્યો મહોલ્લો! જરાક કાંઈ થાય એટલે બધા દોડી આવે! ઓટલો ઊતરીએ કે બધી સગવડો હાજર!

પેટછૂટી વાત કરું? કોઈ મારા આ ઘરની, તેની અગવડોની, તેના જુનવાણીપણાની નિન્દા કરે છે ત્યારે જાણે મારા બાપ વિશે એલફેલ બોલાતું હોય કે મને મા-સમાણી ગાળ દેવાતી હોય તેવી ઘાયલ લાગણીથી હું ઘેરાઈ જાઉં છું. આ ઘર, મારા જ્ઞાનવારસા ઉપરાંતની મારી એકમાત્ર પૈતૃક સંપદા. એ જ મારું સરોવર અને એ જ મારો સમુદ્ર, બાપનો કૂવો કહો તો તે હરકત નહીં! આ જ મારા ભાવસંબંધનું એપિસેન્ટર. અહીં જ સંબંધોની વડવાઈઓ મોરી, તેથી જ હું 'શીશમહલ' ના સોહરાબ મોદી જેવા ડણકતાા કંઠે તો નહીં, પણ ધીમા, ધ્રૂજતા, અસ્પષ્ટ સ્વરે મનોમન કહું છું: 'હસરત તો વહ હૈ કિ.... સુરત, એની બેસન્ટ રોડ, દેસાઈ પોળના આ ૧૦/૧૭૪૦માંથી મારી અર્થી નીકળે, લેકિન....!'

* * *

*કહે છે તું મંદિરે છે કેવો હાજરાહજૂર, તું પણ શું ચકાચૌંધથી અંજાય છે ઈશ્વર ?*
*થોડાં જગતનાં આંસુઓ ને થોડા મરીઝના શેર ,લાવ્યો છું જુદી પ્રાર્થના, સંભળાય છે ઈશ્વર ?*

# સપ્તપદં સખ્યમ્

**- હરિભાઈ કોઠારી**

મૈત્રીનો મધુર અને ગહનતમ અનુભવ જીવનસખીમાં મને સાંપડ્યો. પતિને બધી રીતે અનુકૂળ હોય, બધાં અંગોએ નિર્મળ હોય, સારાં કુળમાં જન્મેલી હોય, કુશળ હોય અને સારી શીલ સદાચારી હોય, એવા ગુણોથી શોભતી સ્ત્રીને માણસ પુણ્યના ઉદયથી મેળવે છે.

આ શ્લોકને સાકારિત કરતી જીવનસંગિની મને સાંપડી છે એ મારું અહોભાગ્ય છે. પ્રિયતમા (સખી) અને પત્નીને એક જ પાત્રમાં ઢાળીને પરમકૃપાળુ પરમાત્માએ મારા પર પ્રેમવારિનો વર્ષાવ કર્યો છે.

અનુકૂળ પાત્ર તેમ જ તે માટેનો ઈશ્વરી સંકેત મળવાથી મારાં લગ્ન ધાર્યા કરતાં ઘણા વહેલાં થયા. બી.એ.ની પરીક્ષા પણ મેં લગ્ન કર્યા પછી આપી. સમાન શીલ, શોખ અને રુચિ હોવાથી સાચું સખ્ય સહજરૂપે સર્જાઈ ગયું. કૌટુંબિક પરિસ્થિતિને કારણે મારી પત્ની સરલાએ પોતાનો અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો, પરંતુ વેવિશાળ અને લગ્ન વચ્ચે સાંપડેલા અવકાશમાં એ મારી પાસેથી સંસ્કૃત અને અંગ્રેજી શીખતી. આમ અમારી અભ્યાસનિષ્ઠા સદા જીવતી જાગતી રહી. નવું નવું શીખવા એ હંમેશા તત્પર રહેતી.

પરંતુ જીવનનો માર્ગ સદૈવ સરળ હોતો નથી. કસોટીથી જ કાંચન મૂલ્યવાન સાબિત થાય છે. પાવક પરીક્ષાને પસાર કર્યા વગર બનાતું નથી. સંતોષ અને સમાધાનથી ચાલતાં સહજ જીવનમાં વિરોધના વંટોળ ઊડ્યા. સલામતીના રાડાને દૂર કરવા પ્રભુ જ આવા પ્રસંગો સર્જતો હોય છે. બીબાંઢાળ ઢાંચામાં ગોઠવાઈ ગયેલું જીવન જગદીશને ગમતું નથી.

તુલસીદાસે લખ્યું છે : ધીરજ, ધર્મ, મિત્ર, અરુ નારી, આપતકાલ પરિખિયે ચારી! માનવનું ધૈર્ય, એની ધર્મનિષ્ઠા, એના મિત્રો અને જીવનસખી એ ચારેય આપત્તિકાળે જ પરખાય છે. હું ચારેય બાબતમાં સફળ, યશસ્વી અને ભાગ્યવાન પૂરવાર થયો એ પ્રભુની કૃપા છે. આવા સમયે મારા મન પર કોઈ વિપરીત અસર ન થાય તેથી મારા મનને જુદી દિશામાં વાળવા જાગૃત પ્રયાસ મારી પત્ની કરતી. રાત-રાતભર તે મારી સાથે પાનાં કે કેરમ રમતી. અવનવા વિષયોની ચર્ચા કરીને તે મારા મનને વિધાયક વાતોમાં રોકી રાખતી. એક માણસ પણ આપણને સારી રીતે સમજે છે એ વાતનો આનંદ કંઈક અનેરો હોય છે. સહધર્મચર્યની સાર્થકતાને સમજવાનો મને લ્હાવો મળ્યો, 'પ્રભુ આપણી સાથે છે, તે સાચું જાણે છે એટલું જ નહીં પણ સત્ય એ જ પરમાત્મા છે. એને દાબવામાં કોઈ કદી સફળ થયું નથી, પછી આપણે ફિકર શું કામ કરવી ?' એના આ શબ્દો મારા માટે પ્રાણસંજીવની સમા બની રહેતા.

અન્યાયની સામે ઝૂકવાનું એને પણ મારી માફક ગમતું નથી. હજારો લોકોની ભાવનાને અકબંધ રાખવાના સદ્ હેતુથી કે કાર્યની સામે વ્યક્તિ ગૌણ છે એવા ખ્યાલથી હું ઘણીવાર અનુચિત સમાધાન સાધવા પ્રેરાતો ત્યારે એ નારાજ થઈ જતી. તે વખતે એના ચહેરા પર મને અરુંધતીની છાયા જોવા મળતી. અન્યાય અને અત્યાચારને આધીન ન થવાથી અહંવાદીઓ વધારે છંછેડાય છે. પરિણામે એમની શરણાગતિ ન સ્વીકારું તો મારે આવાસ અને આજીવિકા - બંનેથી હાથ ધોવા પડે એવી પરિસ્થિતિ સર્જાઈ. ત્યારે મને સધિયારો આપતાં મારી પત્નીએ કહ્યું, 'મન મારીને મહેલમાં રહેવા કરતાં પ્રાણવાન થઈને પર્ણકુટિમાં રહેવું સારું!'

મારા સ્વમાનને સાચવનાર પત્નીનો માનભંગ કરવાનો પણ તે તથાકથિત મહાનુભાવે પ્રયત્ન કર્યો. ભગવાન પોતાનું અપમાન સહી લે પણ ભક્તનું અપમાન પ્રભુ માટે અસહ્ય છે. મને પણ મારા અપમાન કરતાં એના સ્વમાન પર થયેલા ઘાએ વધારે હલબલાવી નાખ્યો. પ્રભુ તરફથી અનુકૂળ સંકેતો મળતા ગયા અને હું એ કલુષિત વાતાવરણથી ધીરે ધીરે મુક્ત થયો ગયો. મુંબઈ જેવા શહેરમાં મકાનને માટે કોઈ પણ માણસ મોહતાજ બની જાય. પરંતુ પ્રભુ એ મને એમાં પણ ખૂબ જ સહાયતા કરી અને મારી ક્ષમતાને અનુરૂપ એવું કાચું મકાન મને સાંપડી ગયું.

પહેલે વર્ષે તો કાળજી લીધેલી નહીં તેથી પહેલા વરસાદે ઘર પાણીથી તરબતર થઈ ગયું, પરંતુ કોઈએ ફરિયાદ કરી નહીં. ઊલટું મારી પત્નીએ હસતાં હસતાં કહ્યું, 'આપણે શ્રીનગર ગયાં નથી, તેથી પ્રભુએ શ્રીનગરને જ આપણા ઘેર મોકલી આપ્યું.' આફતની જ્યાફત ઉડાવનારી આ મનોવૃત્તિ મને ખૂબ જ સ્પર્શી ગઈ. પતિના વ્રતને અનુસરે એ પતિવ્રતા. વ્રતમાં આવતાં વિઘ્નો સામે મક્કમતાથી ઊભા રહેવાની પતિને હિંમત આપે એવી સદાનંદી (ever smiling) સરલાને મારી જીવનસખી બનાવીને પ્રભુએ મારો જીવન વ્યવહાર ખૂબ જ સરળ બનાવી નાખ્યો.

સખ્યમાં શ્યામની સુવાસ અને મૈત્રીમાં માધવની મહેંક મબલખ પ્રમાણમાં પામ્યો છું.

* * *

*એનામાં હુંય માનતો થઈ જાઉં છું ત્યારે,*
*મારામાં જ્યારે માનતો થઈ જાય છે ઈશ્વર.*

*- સૌમ્ય જોશી*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## પ્રસિધ્ધ જૈન તીર્થ રાજગીરમાં જ્ઞાતિજનનું પર્યટન ક્ષેત્રે નવું સાહસ

જૈન તીર્થ રાજગીર ખાતે દિપાવલીના અવસરે જ્ઞાતિ અગ્રણી શ્રી ચીમન મોતા દ્વારા સંચાલિત તન-મન ટૂર્સ નિર્મિત તન-મન કૉન્ટીનેન્ટલ-રાજગીર નામની અદ્યતન ૧૯ રૂમ ધરાવતી હોટલનો શુભારંભ થયો હતો.

## કન્યા છાત્રાલયમાં સ્ત્રી રોગ સ્પેશિયાલીસ્ટનું પ્રવચન

લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલયમાં ઘાટકોપરમાં તાજેતરમાં જાણીતા પ્રસુતિગૃહ જીવન જ્યોત હોસ્પિટલના માનીતા ડૉ. અંજલિ શાહના સ્ત્રીઓની સમસ્યાઓ અંગે આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે પ્રશ્નોના પણ ઉત્તર આપ્યા.

તેમણે કન્યા છાત્રાલયની બાળકોને વિનામૂલ્યે તપાસીને સલાહ આપવાની ઓફર કરી હતી. પ્રમુખ શ્રીમતી વિમલાબેન ગોસરે આવકાર વિધિ કરી હતી.

## શ્રી ભલારાના - લાલપુર સ્થાનિકે કાર્તિકી પુનમ

કાર્તિકી પુનમના દિવસે ભલારા દાદાના મુખ્ય સ્થાન લાલપુર મધે ૫૦ ભાવિકો પધારેલ. સ્થાન પર આરતી-પેડી પ્રસાદ - સાંજનો દાદાનો પાઠ-ભક્તિ ભાવના, રાતે દીવડા આરતી થયાં. સ્થાન મધે નવું અતિથિગૃહ પૂર્ણતીને આરે છે તેમજ રસોડું પણ ચાલુ છે. ઉતારા તથા ભોજનની વ્યવસ્થા ચાલુ છે તેમજ પહેડી પ્રસાદ પણ બનાવી આપવામાં આવે છે.

આવતા વર્ષની મુંબઈની જોડી તા. ૨૯-૦૩-૨૦૧૭ ને બુધવારના તેમજ લાલપુર મધે ચૈત્રી ધ્વજા મહોત્સવ તા. ૯-૪-૨૦૧૭ થી તા. ૧૧-૪-૨૦૧૭ સુધી યોજાશે. સ્થાન ઉપર પધારનાર ભાવિકોએ ટીકીટોની વ્યવસ્થા સમયસર કરી લેશોજી.

સ્થાન ઉપર સંભાળનાર નવીનભાઈ દંડનો સંપર્ક - 08347124779.

## સખીવૃન્દ પુના

સખીવૃન્દ પુના દ્વારા ૧૨ નવેમ્બરના રીત્તલ ચિરાગ નાગડાએ મિટીંગનું આયોજન કર્યું. વિષય ''ચોકલેટ મેકિંગ''. ફરેરો રોશેર, બોઉંટી, ગ્રનોલા બાર, કેરટ-કેક જેવી વિવિધતા ધ્યાનમાં રાખી દરેકનું ક્રઓમાનુસાર, સમજણપૂર્વક પ્રત્યકશીકરણ કર્યું. દરેક ચોકલેટમાં વપરાતી સામ્રગીનું માર્ગદર્શન આપ્યું. તેમજ એમાં શું વિવિધતા લાવી શકાય એ તરફ પણ સોનું લક્ષ દોર્યું.

એપલ કેક, કોકોનટ કેક, ઑરેન્જ પીલ, કેક વિશે સમજણ આપી.

## સાંગલીમાં ત્ર્યાન્હિકા મહોત્સવ

શ્રી સાંગલી નગરે વર્ષીતપ સહ શ્રેણીતપના તપસ્વી પ.પૂ. ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની ઉગ્ર તપસ્યા તથા પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા.ની ૩૮મી દીક્ષા તિથીની અનુમોદનાર્થે ત્ર્યાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ.

તા. ૯-૧૨-૨૦૧૬ શુક્રવારના સવારે મૌન એકાદશીના મહાત્મવિષે વ્યાખ્યાન.

તા. ૧૦-૧૨-૨૦૧૬ શનિવારના શ્રેણિ તપની અનુમોદનાર્થે તપસ્વી પ.પૂ. ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની શોભાયાત્રા.

પારણા પ્રસંગે સમુહ સાંજી પૂ. ચારે મ.સા. ના સંસારી કુટુંબીજનો તેમજ ગુરૂભક્તો પરિવાર તથા સાંગલી અચલગચ્છ જૈન સંઘ તરફથી રાખવામાં આવેલ.

તા. ૧૧-૧૨-૨૦૧૬, રવિવારના સવારે ૮.૩૦ કલાકે પરમવિદુષી પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૧૭મી પુણ્યતિથી, પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા.ની ૩૮મી દીક્ષા નિમિત્તે શ્રી નવકાર મહામંત્રના જાપ.

જાપ દરમ્યાન ''પાર્શ્વનામ પ્યારો અપાવે પુન્ય અપારો'' એ નાની પુસ્તિકા જેમાં ૧૦૦૮ પાર્શ્વનાથના નામ તથા


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

આરાધના છે. તે પુસ્તિકાનું વિમોચન દાતાશ્રી તિલકચંદ રાયચંદ લોડાયા (કોઠારા).

**કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબનો આગામી કાર્યક્રમ**

કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબનો આગામી પ્રવાસ - તામિલનાડુનો તા. ૧૩-૧-૧૦૧૭થી ૧૩ દિવસમાં ૩૧ સભ્યો જોડાયા છે. સંપર્ક - રતિલાલભાઈ - 09833119477

**શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ - ચાલીસગામ**

શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી અને પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના ચાલતા શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ માર્ગદર્શને ટ્રસ્ટ દ્વારા દર બુધવારના ગરીબો ને ભોજન આપવાની યોજનાના દાતા : ૧) એક સદ્‌ગ્રહસ્થ (મુલુન્ડ - મુંબઈ), ૨) માતુશ્રી સોનબાઈ ધારસી વિકમશીના સ્મરણાર્થ (હસ્તે ઈંદીરાબેન વિકમશી) ૩) પદમશી હિરજી મોમાયા (હસ્તે - ઈંદુમતી હિરજી મોમાયા - હુબલી), ૪) હરીશ મુલજી મોમાયા (વારાપધર - કોપર-મુંબઈ), ૫) અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર (ગોઅરસમા-ધુલીયા), ૬) ઉમરશી શામજી મેપાણી (હસ્તે સરોજ પ્રદીપ મેપાણી, પારુલ-યોગેશ ધુલ્લા - મુંબઈ-વડાલા), ૭) ચંદનબાઈ નરશી કેશવજી મૈશેરી (વારાપધર - ચાલીસગામ), ૮) રતનશી કિજલ ધરમશી (હસ્તે - પાયલ ઝવેરી - મુંબઈ), ૯) શ્રી અચલગચ્છ મહિલા મંચ (ધુલીયા), ૧૦) ખુશાલચંદ કલ્યાણજીભાઈ પોલડિયા (હસ્તે રેખાબેન પોલડિયા - પાચોરા), ૧૧) ચિ. મનોજના સ્મરણાર્થે (હસ્તે ભારતીબેન મણીકાંત પોલડિયા - મસ્જિદબંદર), ૧૨) દમયંતીબેન પદમશી ખોના (કોચીન), ૧૩) ઉત્તમચંદ મેઘજી દંડ (તેરા), ૧૪) દામજી રતનશી નાગડા (હસ્તે રૂપેશ દામજી નાગડા - પાચોરા), ૧૫) પ્રભાબેન હિરજી ખોના (નલીયા - ડોંબિવલી), ૧૬) વેજબાઈ ગોવિંદજી નાગડા (ખામગામ), ૧૭) માતુશ્રી સોનબાઈ વસનજી દામજી મોમાયા (વરાડીયા), ૧૮) ડૉ. વાસંતી હિરજી ખોના (હસ્તે - હેમલ જય પોલડિયા - મુલુંડ), ૧૯) આશિષ ઉત્તમચંદ મૈશેરી (હસ્તે ઈંદિરાબેન ઉત્તમચંદ મૈશેરી- મુંબઈ), ૨૦) માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ ખોના (હસ્તે એલ.જે. શાહ - હુબલી)

શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ દ્વારા અન્ન-પાન 'શ્રી પદ્મમુક્તિ જય પન્ના' પરબનો શ્રીમતી પન્નાબેન જયંતિલાલ શાહની પાવન સ્મૃતિમાં હસ્તે સૌ ગીતાબેન મુકેશ લોડાયા તથા સૌ. રૂપાલીબેન ચંદ્રેશ દંડ, ભરૂડિયા પરિવારે લીધેલ છે.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૬ના બપોરના ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૪-૧૨-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૫-૧૨-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ધરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

હોટલ તન-મન કૉન્ટીનેન્ટલ
રાજગીરના શુભારંભ અંગે
શુભેચ્છા આપનારા
સૌ સ્વજનોનો હાર્દિક આભાર.

- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પરેશ વસંત શાહ (હેફા)**<br>(PS 7189) | બી-૧૮૦૨, લૉર્ડ્સ, વિલેજ રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. |
| **ચંદ્રકાંત વેરશી લોડાયા**<br>(PS 1909) | ઈ-૧૩, કોણાર્ક ઈન્દ્રપ્રસ્થ કો.હા.સો., સર્વોદય નગર જૈન મંદિર પાસે, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 9967519185 |
| **મોતીચંદ પદમશી લોડાયા**<br>(PS 1828) | ૬૦૧, યુગ સેલેસ્ટી, બી. પી. સિંઘ ક્રૉસ રોડ નં. ૨, દેવીદયાલ ગાર્ડન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 9833934210 |
| **વિશનજી જેઠાભાઈ ગોસર**<br>(PS 1424) | ૭૦૧, ઈશ છાયા, બિલ્ડીંગ નં. ૫, ગવની પાડા, જવાહરલાલ નહેરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૬ | ડોમ્બીવલી | ખ્યાતિ, કરિશ્મા દિપેન નલિન દામજી દંડ | વરાડીયા | પુત્રી |
| ૧૪-૧૧-૧૬ | બુરહાનપુર | લીઝા, કિંજલ કુનાલ ખીર્તીન ખીમજી નાગડા | નલીયા | પુત્રી |
| ૧૮-૧૧-૧૬ | ભાંડુપ | કનિષ્કા, ભાવિની જીતેન બંકિમ લોડાયા | દલતુંગી | પુત્રી |
| ૨૨-૧૧-૧૬ | મસ્જીદ બંદર | મોક્ષ, લીલમ ગૌરવ કિરણ લોડાયા | સાંયરા | પુત્ર |
| ૨૪-૧૧-૧૬ | અંધેરી | પ્રીશ્કા, રૂચી કૃણાલ હીરેન્દ્ર વેલજી વોરા | રંગપુર | પુત્રી |
| ૦૨-૧૨-૧૬ | નાંદેડ | ધનિશ, મયુર નાગડા | તેરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૧૧-૧૬ | કોઈમ્બતુર/USA | વિકાસ મહેન્દ્ર વેલચંદ લુઠિયા | નાની ખાવડી | ૨૯ |
| | ગોરેગામ/USA | ઊર્જા સંજય મણીલાલ ડાઘા | દલતુંગી | ૨૬ |
| ૦૫-૧૨-૧૬ | રાયપુર | વૈભવ રતનકુમાર ચાંપશી નાગડા | નલીયા | ૨૯ |
| | કાંજુરમાર્ગ | હીના અભય દામજી ધરમશી | જખૌ | ૨૮ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૪-૧૨-૧૬ | અબુધાબી | આદિત્ય નરેશ મણીલાલ ધુલ્લા | સુથરી | ૨૬ |
| | અબુધાબી | શશિ શરદ ગુપ્તા | અબુધાબી | ૨૫ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૫-૧૨-૧૬ | વડોદરા | પ્રશાંત મહેન્દ્ર શામજી નાગડા | નલીયા | ૨૮ |
| | કુમઠા | રીનલ રાજેન્દ્ર પ્રેમજી ડાઘા | વરાડીયા | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૬ | ડોમ્બીવલી | મયુર દિનેશ જેઠાભાઈ મોતા | કોઠારા | ૨૯ |
| | બારામતી | ભાવિકા સુરેશચંદ્ર તેજપાર શિયાલ | જખૌ | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૨-૧૬ | ઘનસોલી | ભરત ચત્રભૂજ દામજી નાગડા | નલીયા | ૫૭ |
| ૦૬-૧૨-૧૬ | ડોમ્બીવલી | જયાબેન (તરલા) જેઠાલાલ લોડાયા | સાંયરા | ૬૩ |
| ૦૬-૧૨-૧૬ | મસ્જીદ બંદર | રતનબેન હંસરાજ લોડાયા | જખૌ | ૮૬ |
| ૦૭-૧૨-૧૬ | પાલડી, અમદાવાદ | પ.પૂ. સાધ્વી શ્રી નિર્મમા મ.સા. (નવલબેન ધનજી પટેલ) | સાંધવ | - |
| ૦૭-૧૨-૧૬ | ડોમ્બીવલી | દેવકાબાઈ (કસ્તુરીબાઈ) લખમશી લાપસીયા | નલીયા | ૮૦ |
| ૦૮-૧૨-૧૬ | ભૂજ | જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા | લાલા | ૮૬ |
| ૦૮-૧૨-૧૬ | મુલુંડ | શ્રીમતી લીલા ચિમનલાલ કારાણી | સુથરી | ૭૬ |
| ૧૦-૧૨-૧૬ | ખામગામ | કલ્યાણજી શામજી લોડાયા | કોઠારા | ૮૨ |

## કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબ દ્વારા નેવીવીક ક્રુઝયાત્રા





કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબના ૧૮ સભ્યો બુધવાર તા. ૨૩-૧૧-૨૦૧૬ની સવારે નેવી વિક નિમિત્તે યોજાયેલ હારબર ક્રુઝમાં ગયા હતા. નેવી દ્વારા બધા સભ્યોનું સ્વાગત કરી લાયન ગેટથી જેટી સુધી બસમાં લાવવામાં આવ્યા હતા. ત્યાં દરેકને નેવી કેપ, નાસ્તો, કોલ્ડ ડ્રીંક અને પાણી બૉટલ આપવામાં આવ્યા પછી ક્રુઝ શિપમાં બેસાડી મુંબઈ ગોદીમાં લાંગરેલ સબમરીન, વૉર શિપ, એર કૉફ્ટ કેરીયર, લક્ઝરી લાઈનર બનાડવામાં આવ્યા.

કલબના સભ્યોએ એ પછી તારાપૂરવાલા માછલીઘર (ચર્નીરોડ) અને શિવરી ક્રીકમાં પરદેશી પક્ષીઓ જોયા.

# પ્રથમ પુણ્યતિથી

જન્મ તા. ૨૩.૭.૧૯૫૪ — સ્વ.તા. ૧૨.૧૨.૨૦૧૫



## અ.સૌ. વિજયા માણેકજી લખમશી ધરમશી (ગામ: ગોરખડી)

## "ભાવપુર્ણ સ્મરણાંજલી"

સાસુ-સસરા : માતૃશ્રી લક્ષ્મીબેન લખમશી વેલજી પરિવાર

માતા-પિતા : માતૃશ્રી મુરબાઈ રૂપશી જીવરાજ લોડાયા પરિવાર

કાકા-કાકિ : માતૃશ્રી શાંતાબેન કરમશી જીવરાજ લોડાયા પરિવાર

પતિ : શા. માણેકજી લખમશી ધરમશી

પુત્ર-પુત્રવધુ : ખુશ્બુ સચિન માણેકજી ધમરશી

પુત્રિઓ-જમાઈ : મયુરી પ્રકાશ ખોના અને દિપ્તી શૈલેન્દ્ર ખોના

પૌત્ર-પૌત્રિ : અંશ અને ગતિ

દોહિત્ર : વૃતિક અને જશ




આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**

મો.: 093247 96076
093211 31232





કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

**Originally at Zaveri Bazar since 1976**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (12-12-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## સાન ફ્રાન્સિસ્કોનું કેફી સૌંદર્ય – ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

**એકલા અમેરિકાનાં જ નહીં. આખા વિશ્વનાં સૌથી ખૂબસૂરત શહેરોમાં સાન ફ્રાન્સિસ્કોનું નામ છે.
ગોલ્ડન ગેટ બ્રિજ, ધૂમ્મસ અને સતત ફૂંકાતો પવન આ શહેરની ઓળખ છે.**







અમેરિકા જેવા વિશાળ દેશનાં મુખ્ય શહેરો એકબીજા કરતાં અલગ પ્રતિભા ધરાવે છે. અલગ સ્થાપત્ય, જુદી આબોહવા, વેગળી લાઈફસ્ટાઈલ. અરે, ક્યાંક તો સમય પણ અલગ ! અમે ન્યુ યોર્કથી સાન ફ્રાન્સિકો માટે સવારે સાડા આઠ વાગ્યાની ફ્લાઈટ લીધી, જે સાડાછ કલાકની હતી, પણ સાન ફ્રાન્સિસ્કો પહોંચ્યાં ત્યારે ત્યાં બાર વાગ્યા હતા કારણ કે આ શહેર ન્યુ યોર્ક કરતાં ત્રણ કલાક પાછળ છે. લાસ વેગાસ, સાન ફ્રાન્સિસ્કો કરતાં એક કલાક આગળ છે !

સાન ફ્રાન્સિસ્કો બોલવામાં લાંબું પડે છે તેથી લોકો એને લાડથી એસ એફ કહે છે. યુનિયન સ્કવેર અમારી હોટેલથી નજીક હતું તેથી અમે શરૂઆત ત્યાંથી જ કરી. અહીંથી બધાં જોવાલાયક સ્થળો સુધી સરળતાથી પહોંચી શકાય છે. યુનિયન સ્કવેરમાં દાખલ થતાં જ મેસીઝ અને સાક્સ ફિફ્થ એવન્યુ જેવા જાણીતા સ્ટોર્સ નજરે ચડતાં ખ્યાલ આવી ગયો કે શહેરનું આ મુખ્ય શોપિંગ સેન્ટર હોવું જોઈએ. આ વિસ્તારમાં દુનિયાની દરેક બ્રાન્ડની દુકાન છે. સહેલાણીઓ અહીં તહીં ફરી રહ્યા હતા, હોપ-ઓન-હોપ-ઓફ બસો ભરાઈ રહી હતી ને આ બધી ચહલ-પહલની વચ્ચે થોડી થોડી વારે જૂના જમાનાની ઘંટી જેવો અવાજ આવતો હતો. આ ધ્વનિ જેમાંથી આવતો હતો તે કેબલ કાર એસએફમાં ૧૨૫ વર્ષ પહેલાં આવી, જે આજે પણ ચાલે છે. પાટા પર ચાલતી, ટ્રામની યાદ અપાવતી કેબલ કાર પર્યટકો માટે મોટું આકર્ષણ છે.

અનુસંધાન ૮મા પાને

**રોકડની તંગીના જમાનામાં આકર્ષક ઓફર !**

**આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ**


**Iris Banquette**

**૨૦૦ થી ૨૫૦ જણવાળા પૂર્ણ પ્રસંગનું ધી બેસ્ટ આયોજન**
**માત્ર એકથી સવા લાખમાં !!!**

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,